R.N.I.No. : 11555/66 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

1950 - 2010 60 Years

Vol No. 53 Issue No. 12 July - 2010

***ઇશ્વરે કદી કીધું નથી કે***
***તમને પીડા વગરના દિવસો આપીશ.***

વીતી ગયેલી ક્ષણોને સુધારી
નવી શરૂઆતની તક તો કોઇને મળતી નથી.
પણ આ ક્ષણથી પ્રારંભ કરીને
નવો અંત મેળવવાની તક તો દરેક જણ મેળવી શકે છે।

***ઇશ્વરે કદી કીધું નથી કે***
***તમને પીડા વગરના દિવસો આપીશ.***

દુઃખ નહીં ફક્ત હાસ્ય આપીશ.
વાદળ વિનાનો સૂર્યપ્રકાશ આપીશ.
........પણ એણે એ જરુર કીધું છે કે
તમને પીડા સહન કરવાની તાકાત આપીશ.
રડીને હળવા થવાની રાહત આપીશ.
રસ્તો સુઝે એવો પ્રકાશ આપીશ....

નિરાશાઓ રોડ પર આવતા બમ્પ જેવી હોય છેઃ
તમારી ગતિ થોડીક વાર માટે રુંધાય જરુર છે,
પણ પછી ની સફરમાં તો આનંદ મળે જ છે...
માટે બમ્પ પર જ રોકાઇ ના જતા,
આગળ વધતા રહેજો

\- સંકલન

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ આયોજીત
## શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત
# ૫૯ મો વાર્ષિક રસોત્સવ

આપણે ત્યાં વર્ષો પહેલા રંગભવન ધોબીતલાવ ખાતે રસોત્સવના પોગ્રામો થતા હતા. જેમા આપણી જ્ઞાતીના ભાઈ-બહેનો સાથે મળીને નૃત્ય નાટિકા, ગરબા રાસ એવા ઘણા બધા પોગ્રામ થતા અને એની યાદ તાજી કરવા માટે આ વખતે ૫૯ મો વાર્ષિક રસોત્સવનું ઉપનગરમા બોરીવલી ખાતે આયોજન કરવામાં આવશે. તા. ૨૧-૧૧-૧૦ રવિવાર સવારે ૧૦ થી ૧.

આપણી જ્ઞાતીના ભાઈ-બહેનોએ ભેગા મળી પોગ્રામ કરવાનો વિચાર કર્યો છે. આ પોગ્રામમાં ભાગ લેવા માટે તમારે તમારું ૮ થી ૧૦ વ્યક્તિનું ગ્રુપ બનાવવાનું છે. જેમા ગરબો, ફિલ્મીગીત, થીમ ડાન્સ, ભાંગડા, બાંબુડાન્સ, અથવા નૃત્ય નાટીકા સારી થીમ હોય તો એ પણ કરી શકાશે. આ પોગ્રામમા મુંબઈવાળા મુંબઈમાં અને પરા વાળા પરામાં પોત પોતાની રીતે પ્રેકટીસ કરી શકશે.

તો આવો જલ્દી કરો. વહેલા તે પહેલા ધોરણે તા. ૨૮-૭-૧૦ સુધીમા નામ લખાવવા વિનંતી.

આ પોગ્રામને ખૂબજ સારી રીતે ઉજવશું ફરી એક વખત તમારા સાથ સહકારની જરૂર છે.

નામ લખવવાના સ્થળ :

૧. **હેમેન્દ્ર રમણલાલ શાહ :** સી.૩૦૨, સુમેર નગર, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૯૨
ફોન : ૯૮૨૦૦૧૧૫૮૬ / ૨૮૦૫૦૭૩૫

૨. **શાહ એન્જી ઈક્વિ કોપો. :** જી-૩, સુપારી ભવન, ૮૩/૮૫ કાઝી સૈયદ સ્ટ્રી, મુંબઈ - ૪૦૦૦૦૩
તમે ઈમેલ થી પણ મોકલી શકો છો. – Email: shahsafe@gmail.com - shahsafe@mtnl.net.in

૩. **સંસ્થાની ઓફિસે :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘ મુંબઈ.

**સંયોજક : હેમેન્દ્ર આર. શાહ – મંત્રી : મંજુલ ધારિઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## વિવિધ પ્રવૃત્તિઓના સંયોજકો (૨૦૧૦-૧૧)

| | | |
|---|---|---|
| **જનતા ફી સહાય યોજના** | **કોમ્પ્યુટર શિક્ષણ યોજના** | **મેડીકલેમ યોજના** |
| શ્રી કિર્તિ હીરાલાલ કડકીઆ | શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | શ્રી ભરત કાંતીલાલ પરીખ |
| **ઉપનગર સમિતિ** | **નોટબુક યોજના** | **હોસ્પિટલ અને મેડીકલ સહાય** |
| શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ | શ્રી જાસ્મીન બીપીન શેઠ | શ્રી શૈલેશ નટવરલાલ કડકીઆ |
| **પુસ્તક યોજના** | **ક્રિકેટ સમિતિ** | **રસોત્સવ સમિતિ** |
| શ્રી જગદીશ શાંતીલાલ પરીખ | શ્રી કીંજલ પંકજ પરીખ | શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ |
| **આંતરીક રમત ગમત** | **મહિલા વિભાગ** | **જ્યોતિપુંજ સમિતિ** |
| શ્રી અજીત નટવરલાલ મોદી | શ્રીમતી નીલમ નીતીન પરીખ | શ્રી નિખીલ બાબુલાલ પરીખ |
| **મેમ્બરશીપ મેનેજમેન્ટ** | | |
| શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | | |

– મંત્રી મંજુલ શૈલેષ કુમાર ધારીયા

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૪ | ૪ | ૧૪-૭-૨૦૧૦ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૩૨૬૪૩૨

*

મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ (હેડમાસ્તર)

૧૨, એ, ગાંધીનગર, ડી.સી. રોડ

ભારત બજાર, વરલી, મુંબઈ - ૪૦૦ ૦૧૮.

ટે.(ઓ.) : ૨૪૯૩ ૩૬૧૮ / ૬૫૮૦ ૨૪૪૧

(ઘર) : ૨૩૬૩ ૩૩૪૫

(મોબાઈલ) : ૯૮૨૦૧૩૫૦૧૪

*

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

*

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૮ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

**visit us at www.balasinor.org**


# છેલ્લે તો આપણે બે જ હોઈશું !

**તંત્રી સ્થાનેથી**

થોડાક વર્ષો પહેલાં જેને સંતાનમાં ફક્ત દીકરીઓ હોય એવા દંપત્તિઓએ JSS નામનું મંડળ શરૂ કરેલું. JSS એટલે 'જમાઈ સેવા સંઘ'. દીકરાઓ ના હોય અને ફક્ત દીકરીઓ જ હોય એણે ફક્ત જમાઈઓને આપવા માટે જ કમાવવાનું હોવાથી આવું ટીખળી નામ આપવામાં આવેલું. દીકરીઓ પરણીને સાસરે જાય પછી એકલાં પડેલાં દંપત્તિઓ એકમેકને સહારારૂપ બની શકે એવી દિલની ભાવના પણ આ સંઘમાં હશેજ. આજે પરિસ્થિતી એવી છે કે છોકરાઓ પણ ભણવા કે કમાવા અમેરીકા જતાં રહે છે. અહીં હોય તો પણ જોબ પુના કે બેંગ્લોર મળે તો ત્યાં સ્થાયી થાય અથવા તો જમાનાને અનુરૂપ પોતાનો અલગ સંસાર વસાવે. એટલે દીકરા વહુઓ હોવા છતાં પણ હુતો હુતીને એકલાં રહેવાનો જ વારો આવે છે. વિદેશમાં તો ૧૮ વર્ષે છોકરો કે છોકરી લગભગ ઘર છોડી જ જતાં હોય છે. એટલે મા બાપ માનસિક રીતે તૈયાર જ હોય છે અને એમને કશું જ અજુગતું લાગતું નથી. પરંતુ આપણે ત્યાં પોતે ભલે મા બાપથી અલગ રહેતાં હોઈએ પણ મનમાં ઈચ્છા હોય છે કે લગ્ન પછી આપણા દીકરા વહુ આપણી સાથે રહે. આ પૃથ્વી ઉપરના માનવીને છોડીને દરેક જીવે સ્વીકારી લીધું છે કે બાળક આપણા દ્વારા જન્મે છે, એ જેવો એ પગભર થાય, ઉડતાં કે તરતાં શીખે, પોતનો ખોરાક જાતે શોધતાં શીખે એટલે એનો આપણી સાથેનો નાતો પુરો. પગમાં કે પાંખોમાં જોર આવે એટલે એ ઉડી જ જવાના. આ વાત હવે દરેક મા બાપે પણ સમજી જવાની છે. આશા જ ન રાખીએ તો નિરાશામાંથી બચી જવાય. મનમાં દુઃખ

કે અભાવની લાગણી ન હોય તો દીકરાઓ, દીકરીઓ, વહુઓ, જમાઈઓ પ્રત્યે પ્રેમ અને લાગણી પણ જળવાઈ રહે. વહુઓને પણ માથે પડેલાં સાસુ સસરા કરતાં ક્યારેક મહેમાનની જેમ આવતાં સાસુ સસરા પ્રત્યે વધુ પ્રેમ રહે છે.

જો કે આજે વાત આ એકલાં પડેલાં દંપત્તિની કરવી છે. દીકરા કે દીકરીની વિદાય બાદ ઘરમાં જાણે એક શૂન્યાવકાશ સર્જાઈ જાય છે. આનંદ ઉલ્લાસથી ધબકતું, કિલ્લોલતું, હસી મઝાકથી ગુંજતું ઘર અચાનક જ શાંત થઈ જાય છે. દિવાલો પણ જાણે દુર જતી હોય એમ ઘર મોટું મોટું અને ખાલી ખાલી લાગવા માંડે છે. મુક્ત હવામાં ઉડી ગયેલા પંખી જાણે ઘરની હવાને પણ સાથે લઈ ગયા હોય એમ ઘરમાં શ્વાસ રૂંધાતો લાગે. પુરુષ તો પોતાના કામે ચાલી જાય પણ સ્ત્રીને આ પરિસ્થિતીનો સામનો કઈ રીતે કરવો એની જ સમજણ ના પડે. સતત દીકરો કે દીકરીની આસપાસ ગુંથાયેલી જીંદગીનો મકસદ જ જાણે છીનવાઈ જાય, આ પરિસ્થિતીમાં જો પતિ સમજદાર હોય તો પત્નિને પ્રેમ અને સમજણથી સાચવી લે. આટલાં વર્ષોમાં દીકરા દીકરીઓથી પતિ પત્નીની વચ્ચે પડેલાં અંતરને ભુંસીને ફરી પાછું ઐક્ય સાધવાના પ્રયત્ન કરે. અને બન્ને જણ પાછાં એકબીજાને નવેસરથી સ્વીકારી બાકીની જીંદગી ફરી પાછા એ જ ઉત્સાહ અને આનંદથી જીવવાની શરૂઆત કરે. સ્ત્રી ધીરે ધીરે પોતાની જાતને વ્યસ્ત રાખવાના પ્રયત્નમાં મહિલા મંડળોમાં, કીટી પાર્ટીઓમાં કે સત્સંગ મંડળોને સેવાપુજામાં સમય વિતાવવાની શરૂઆત કરે અને પુરુષો ધંધામાં કે સામાજીક કાર્યોમાં વ્યસ્ત રહેવા પ્રયત્ન કરે. થોડાંક વર્ષ વિતે કે પતિ પત્ની વચ્ચે ફરી પાછી જુદાઈ સર્જાય.

પત્ની દીકરી કે વહુની ડીલીવરીમાં એ પછી ગ્રાન્ડ ચીલ્ડ્રનને ઉછેરવામાં વારંવારના દેશ કે વિદેશ પ્રવાસમાં વ્યસ્ત થઈ જાય. હવે પુરુષ એકલો પડે, પહેલી વાર જાતે ઘર સંભાળતો કે ચા બનાવતો થાય. ટીફીન મંગાવીને જાતે જમતો થાય, ભુલ્યા વગર રૂમાલ, પાકીટ, ઘડિયાળ જાતે લેતો થયા. આમ ગ્રાન્ડ ચીલ્ડ્રનની સાથે સાથે પોતે પણ પાછો પગભર થતાં શીખે.

થોડાંક વર્ષો બાદ ફરી પતિ પત્ની એકબીજાની સાથે 'એકલાં' પડે અને દાંપત્ય જીવનનો ખુબ જ મહત્વનો તબક્કો શરૂ થાય. હવે બન્ને પાસે ઘણો બધો સમય છે. બન્ને પાસે અનુભવ અને સમજણ છે. જુની સુખદ યાદો અને મીઠાં સંભારણા છે. અને હવે મૃત્યુ પર્યંત ફક્ત એકબીજાનો સાથ છે. જો તબિયત અને આયુષ્ય રેખા સાથ આપે તો જીવનના આ તબક્કાની મારી પરિકલ્પના કંઈક આવી છે. ફરી પાછું હાથમાં હાથ પરોવીને સમુદ્ર કિનારે કે નદીની પાળે બેસવું છે. જે પાળે યુવાનીમાં જીવનના રંગીન સપનાઓની કલ્પના કરી હતી એ સાકાર થયેલાં કે ન થયેલાં સપનાઓની વાત કોઈપણ જાતના વસવસા વિના ફરીથી કરવી છે. અને દરેક સુખદ વાતો ફરીથી વાગોળવી છે. ફોટાઓના આલ્બમોમાં ફરીથી એજ જીંદગી પાછી જીવવી છે. પહેલાં થતાં એમજ up to date તૈયાર થઈને કલ્બોમાં, સોશીયલ ગેધરીંગમાં, મિત્રોના મેળામાં, આધ્યાત્મિક પ્રવચનોમાં, કવિ સંમેલનોને નાટકોમાં એમજ એકબીજાની સાથે આનંદ માણવો છે. તારી ગોળી હું યાદ કરાવું ને મારી તું યાદ કરાવે. માંદગીમાં એકબીજાના માથે હાથ ફેરવીને પ્રેમથી બીમારીને દુર હડસેલવી છે. સવારની ચા હવે હું જ બનાવીશ, શાક પણ હું જ લઈ આવીશ. એણે કરેલાં કેટલાંયે કંટાળાજનક કામો હવે મારે વહેંચી લેવા છે. સવારે તું હિંચકે બેસીની શાક સમારતી હોય ત્યારે તારી બાજુમાં

બેસીને છાપામાંથી દેશ દુનિયાના સમાચાર વાંચી સંભાળવવા છે. વાંચેલા પુસ્તકોની ચર્ચા તારી સાથે કરવી છે. કંઈક વાંચેલું, વિચારેલું, લખેલું તારી સાથે શેર કરવું છે. મેં જોયું છે ગુસ્સાવાળા કે કડક પુરુષો પણ આ ઉંમરે નરમ થઈ જતાં હોય છે. અને ઘરમાં પત્નીઓ એમની ઉપર દાદાગીરી કરતી હોય છે. ચાલે એ તો 'હવે તારો વારો' તું ખુશ થતી હોય તો મારા ઉપર તારું વર્ચસ્વ સ્વીકારવું છે. તું ભલે તકરાર કરે પણ ચશ્મા વગર ચશ્માં ક્યાં મુક્યા છે તે કેવી રીતે શોધું ? અને તને પણ બામની બાટલી ક્યાં કોઈ દિવસ જાતે મળે છે. આવી બાલસહજ તકરારો કરવી છે. દીકરા દીકરીઓ સાથે, વહુઓ જમાઈઓ સાથે અને બધા જ પૌત્રો પૌત્રીઓ સાથે ઈન્ટરનેટ ઉપર ખુબ ચેટીંગ કરવું છે અને આંખના ખુણે નીકળી આવેલા આંસુને છુપાવીને હસતાં હસતાં વીડીયો કોન્ફરન્સમાં જઈ એમને જોવા છે અને વાતો કરવી છે અને મળવા આવે ત્યારે બધો જ પ્રેમ ઢોળી દેવો છે. પણ બધા પાછા જાય પછી હું ને તું ફરી આપણે બેજ હોઈશું.

મિત્રો, આ ફક્ત મારી પરિકલ્પના નથી પણ બધા વડીલોના દાંપત્યજીવનમાં જોયેલી ને જાણેલી સુખદ ક્ષણોનું ચિત્રણ છે. આને સાકાર કરવા માટેની તૈયારી હમણાંથી જ રાખશો તો એકલાં પડયા પછી દુઃખી નહી થવાય. જીવનનો એ તબક્કો ખુબ જ સુખમય, પ્રેમમય અને આનંદમય બની રહેશે. આખરે સુખ ને દુઃખ બધુ આપણું મન જ નક્કી કરતું હોય છે ને ?

છેલ્લે કવિ શ્રી મૃગાંક શાહની કવિતાથી પુરુ કરું છું.

**તમે સાથે જીવવાનું શરૂ કરજો**

ભલે ઝગડીયે, ક્રોધ કરીએ
એકબીજા પર તુટી પડીએ
એકબીજા પર દાદાગીરી કરવા
છેલ્લે તો આપણે બે જ હોઈશું !
જે કહેવું હોય તે કહી લે
જે કરવું હોય તે કરી લે
હું રિસાઉ તો તું મનાવજે
તું રિસાઈ તો હું મનાવીશ
એકબીજાના ચોકઠાં શોધવા
એકબીજાને લાડ લડાવવા
છેલ્લે તો આપણે બે જ હોઈશું !
ઘુંટણ જ્યારે દુખશે, કેડ જ્યારે નમી જશે
ત્યારે એકબીજાના પગના નખ કાપવા
છેલ્લે તો આપણે બે જ હોઈશું !
સાથ જ્યારે છુટી જશે, શ્વાસ જ્યારે ખુટી જશે
ત્યારે એકબીજાને માફ કરવા
છેલ્લે તો આપણે બે જ હોઈશું !

*- નિખિલ પરીખ*

# પૂરક, પ્રેરક, સૂચક, સ્નેહી

- ઉષા શૈલેષ ધારીયા

આખી દુનિયાનું સત્ય આ ચાર શબ્દોમાં સમાયું છે. આપણી અત્યંત નિકટતમ, સ્નેહી, સ્વજન એજ આપણો શ્યામ હરિ. પલપલની પ્રેરણા દુર રહ્યો આપે. પ્રેરક એજ પૂરક પણ એજ. આપણો લાડીલો શ્યામ હરી. આપણી હર કામનાનો પૂરક અને પ્રેરક. આખી દુનિયાનો હિસાબ રાખે. આપણે તો એક આપણા ઘરનો નિભાવ કરતાં થાકી જઈએ. જ્યારે આ શ્યામ હરિ તો હર જીવંત સૃષ્ટિનો પ્રેરક અને પુરક. એક ગાય હોય કે કૂતરો હોય સર્વેનો પ્રેરક બને. એક ઘાસના તણખલાની પણ ભાળ લે. દૂર્વા બનાવી શ્રી ગણેશજીના ચરણે ચઢાવી તેનો મહિમા વધાર્યો. દૂર્વાનો ઔષધિય ગુણ પણ બતાવ્યો. આજ રીતે એ તુલસીજીનો ભાવ કરી પ્રભુજી તુલસીના પલડે તોલાયા. તુલસીજી પ્રભુજીની પ્રિયકર બની. આમ વનસ્પતિનું મુલ કરી તેના ઔષધીય ગુણ પણ મુલવ્યાં. સચરાચરનો નાથ અખિલ બ્રહ્માંડમાં વ્યાપ્ત એવા શ્રી હરિ હર જીવંત સૃષ્ટિના પ્રેરક, પૂરક, પંથના રાહગીર બની સૂચક સ્નેહી બન્યા છે.

પ્રભુજીના કુર્માવતાર, મત્સ્ય અવતાર, વરાહ અવતાર વગેરેથી જીવ માત્રના રક્ષણહાર બન્યા છે. જેમ કૃષ્ણ ભગવાનને ગાય વ્હાલી હતી. મોરપીંછ મુકુટ ધરી તેમણે મોરની મહત્તા વધારી. શ્રી ગણેશજીનું વાહન ઉંદર, શંકરદાદાએ ગળામાં સર્પ ધારણ કર્યો, કાચબો તથા પોઠિયો તેમના સાથી, જ્યારે માતાજીના વાહન રૂપે વાઘ, કુકડો, હંસ વગેરે અને દત્તાત્રેયનો કૂતરો પ્રિયકર. આમ હર જીવતા જીવના રક્ષણહાર પ્રભુજી બન્યા છે. એજ રીતીએ ગંગા, ગોદાવરી, ક્રિષ્ણા, કાવેરી, નર્મદા, તાપી, સિંધુ, બ્રહ્મપુત્રા, જમુના, મહી વગેરે નદીએ માતાની મહત્તા વધારી છે. અને પૂરક, પ્રેરક, સૂચક, સ્નેહી બન્યા છે. પ્રભુજી માને પેટ જન્મ લઈ માતાને પ્રભુજીથી પણ મોટા ગણ્યા છે. પ્રભુજીને પણ માતાના પેટથી જન્મ લેવો પડે છે. વળી માતા હોય કે હર ફીમેલ પશુઓ જેમ કે ગાય, બકરી, કૂતરી, વાઘણ, સિંહણ વગેરેને બચ્ચાઓને પોષી શકે એ માટે દૂધની ધારા પણ આપી છે. કહેવત છે કે, ‘કીડીને કણ અને હાથીને મણ’ પ્રભુજી આપતાં જ રહ્યાં છે. આમ હર જીવંત સૃષ્ટિના પૂરક, પ્રેરક, સૂચક, સ્નેહી બનેલા છે. ‘તું દાઝી જશે, તું કચડાઈ જશે, તું ડૂબી જઈશ’ આમ પલપલનો સૂચક સ્નેહી બન્યા છે. રાતની મીઠી નિંદર, ગરમીમાં કેરી, મોગરા, રાતરાણી, જાંબુ, તાડગોળા આપ્યા છે. સક્કરટેટી પણ ચોમાસામાં ચટપટા મકાઈની મોજ અને શિયાળામાં શાકભાજી, લસણ વગેરે લીલવાના દાણા, લીલા તુવેર દાણા, વટાણા, ચણા, વાલ વગેરેના આપણને પોષકતા આપી આપણું શારિરીક પણ ધ્યાન રાખવાની બુધ્ધી પણ તેમની જ દેણ છે. આપણે સર્વે કદાચિત આ જાણતાં જ હોઈએ પરંતુ પ્રભુજી વંદનીય છે જ. ગોકુળ મથુરાના આંગણે લહેરાતી નદી માતા શ્રી જમુનાજીને શ્રીકૃષ્ણજીએ મુલવ્યા. ગોદાવરીના કાંઠે શ્રી રામની પર્ણકુટીથી તેનું મહત્વ વધ્યું અને ગંગાજીને શંકરદાદાએ જટામાં ધરી આમ હર નદી માતા, પર્વતોની મહત્તા વધારી છે. ગબ્બરનો ડુંગર, પાવાગઢ, વૈષ્ણવી માતાશ્રીઓ ઉંચા

આસને બેસે, હિમાલય અને માન સરોવરનું પૂછવું જ શું !! આમ હર જીવંત અને સચરાચરમાં વ્યાપ્ત એવા હરિ આપણા પણ પ્રેરક પૂરક અને સૂચક સ્નેહી બનેલા છે. એને ઓળખીને સાચી શાંતિને સાચી રીતે મુલવીએ. કર્માનુસાર આપણા પથનો પંથગીર બનેલો છે. પલપલની દિવસ અને રાતની ચર્યાનો પ્રેરક આપણો પેલો શ્યામ હરિ.

ભવોભવના સંચિત કર્મને આધીન મળેલો માનવ અવતાર પ્રભુજીની પ્રેરણાને કેમ કરીને મુલવી શકાય ? ભવોભવના સંચિત કર્માનુસાર મળેલો માનવ દેહ, પ્રભુજીની આ અણમોલ શક્તિના ઉપકાર કેમ કરી મુલવાય ? નિર્મળ મનની આરાધના પવિત્ર મનથી થાય. અંધજનોની, પશુ લોકોની સહાયતા, ઘરડાંઓની સેવા સહાય, પશુ, પંખીઓની સહાયતાએ પ્રભુજી તરફની પ્રેરક, પૂરક, સૂચક એવા સ્નેહીજન શ્રી હરિજી રિઝવવાનો સાચો માર્ગ છે ઠાકોરજી ત્યારે જ રીઝે કે પુણ્ય સોયનાં વિંધ જેટલું નિર્મળ અને પવિત્ર મનથી કરેલું હોય.

૮૪ વૈષ્ણવમાનાં એક ગરીબ વૈષ્ણવે દૂધમાં સાકર ઓગાળવા, હલાવવા ચમચીના અભાવરૂપ દૂધની કટોરીમાં દાતણ મૂક્યું. તે તો પ્રભુજી હસતાં હસતાં સ્વીકારે પણ ધની પડોશીએ દેખાદેખીમાં દૂધના કટોરામાં સાત આઠ દાતણ મૂકયાં. આમાં ઈર્ષાની રેખા લાઈન દોરાઈ ગઈ તે પ્રભુજીને સ્વીકૃત નથી. આતો દાખલો સમજ પૂરતો આપ્યો છે. વડાઈને વિસારી પ્રભુજી રીઝે એવું એકાદ નાનુ પણ પુણ્ય સભર કાર્ય કરો. દિનની અને રાતની ચર્યાના પ્રેરક, પૂરક, સૂચક પ્રભુજી તો પલપલ આપણું કાર્ય કરે છે અને અમે અને તમે રોજ એક સારું કામ પ્રભુજી રીઝે તેવું કરવાના નિશ્ચયી બનીએ. આપણી જરૂરીયાતોના પ્રેરક, પૂરક, સૂચક એવા ઠાકોરજીના ઉપકાર વાળવા નિશ્ચયી બનો એજ અભ્યર્થના. ભૂખ્યા જનોને ખાવાનું મળે એવા 'રામ રોટી ઘર' પીવાના પાણીની 'પરબ', અંધ, પંગુઓને ઉપયોગી થાય એવી સેવા સંગઠન સાથે કરો યા એકલા કરો.

'ઘરડાં લૂલા આંધળા, ગરીબ માને બાપ'...... માતા પિતાની સેવા એજ સાચી સેવા, સાચુ સ્મિત વેરી તન, મન, ધનથી કરો.

શ્રી ઠાકોરજી પ્રિયકર બનશે જ બનશે.

# ચાલો એક અખતરો કરીએ

*આ સાથે સુખ અને સગવડ મૂળ અંગ્રેજી પરથી મુક્તાનુવાદ કરી પ્રગટ કર્યો છે. સાથે મૂળ અંગ્રેજી લેખ પણ. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ વાચકો ગુજરાતી વાંચી શકતા હોય તો વાંચીને અથવા પોતાના મિત્ર કે કુટુંબીજન પાસે વંચાવી બેમાંથી કઈ ભાષામાં આ લેખ તેમને અપીલ કરે છે તે અંગે તમારા અભિપ્રાયો અમને લખી જણાવશો ?*

## સુખ અને સગવડ

હેમંત ઋતુની એક સવારે મારી ગાડી કેમ્પસ કોર્નરના ફ્લાય ઓવર પૂલ નીચે ટ્રાફીક સિગ્નલ પાસે ઉભી હતી. બારી બહાર ફૂટપાથ પર ત્રણ ગરીબ બાળકો મારી નજરે પડયા. એમની ઉંમર આશરે, ૭, ૫, ૨ જેટલી હશે. મોટો છોકરો તાળીઓના તાલે ગાતો હતો, વચલું બાળક ડબલા પર લાકડીથી સંગીતનો તાલ પુરાવી રહ્યું હતું. સાવ નાનું બાળક નાચી રહ્યું હતું. શહેરના માર્ગો પર પણ સુખ સાંપડે છે. હું મનોમન વિચારી રહ્યો હતો.

ટ્રેઈન અથવા બસમાં કોઈ વયસ્ક વડીલને કે કોઈ મહિલાને માટે આપણી બેઠક ફાળવીએ ત્યારે આપણે સુખ નથી અનુભવતા ? હકીકતમાં સુખ મેળવવા માટે આપણી સગવડ સ્વાભાવિક રીતે બીજા માટે જતી કરીએ. જો સુખ અને સગવડ એકબીજાનાં પર્યાય હોય તો આપણે આવું હરગીજ નહીં કરીએ. કેટલીક વાર સગવડ જતી કરવામાં આપણે સુખ અનુભવીએ છે.

સુખ અંગેના વિચાર મને મારા શૈશવકાળના, તરુણાવસ્થાના દિનોની યાદ અપાવે છે. જ્યારે આનંદ કે મોજમજા માટે પિકનિક-પર્યટન પર જવાની મને તીવ્ર ઈચ્છા થતી. હું અને મારો મિત્ર સંજય માથેરાનની સહેલગાહે જઈ રહ્યા હતા. નેરલ સ્ટેશનથી થોડે જ દુર ઉપર જવાના મુખ્ય માર્ગથી એક રસ્તો ફંટાઈ જતો હતો. આ ટુંકો રસ્તો હતો પરંતુ ચઢાણ ઢોળાવવાળું અને કઠીન હતું. પ્રારંભનું ચઢાણ-ટ્રેકીંગ-પુરુ થતાં આ રસ્તો એક ગામડામાંથી પસાર થતો હતો. જેને હું ભસતા કૂતરાનું ગામ કહું છું. કારણ અહીં પહોંચતાં જ સામાન્ય કૂતરાંઓનો સમૂહમાં ભસવાનો અવાજ કાને પડે છે. જાણે આ બધાં શ્વાન આપણું સ્વાગત કરતા ન હોય ! આગળના ઢોળાવવાળા રસ્તે ચડતાં સંજય એક જગાએ ધૂમપાન માટે રોકાયો. અહીં એણે જે કહયું તે વાત હંમેશ માટે મને યાદ રહી ગઈ છે. એણે કહયું આ યાતના, સ્નાયુનો દુઃખાવો, પગમાં પડતાં વાઢિયા, ચીરાના કારણે દરેક વખતે અહીં આવતાં (મને મારી જાત પર ધિક્કાર આવે છે) હું મારી જાતને ધિક્કારું છું. મુંબઈના કોઈ વાતાનુકુલિત એર કંડીશન્ડ સિનેમાગૃહમાં મનગમતી મૂવી જોવાનો આનંદ લેવાના બદલે કે કોઈ ઠંડા વાતાવરણમાં કોફીનો કપ પીવાનું છોડી આ દુઃસાહસ શા માટે કરું છું ? અલબત્ત જ્યારે હું માથેરાનની ટોચ પર પહોચું છું ત્યારે આ બધું દુઃખ ભુલાઈ જાય છે. કશુંક અદભુત પામ્યાનું સુખ મને આશ્ચર્યજનક પણે આનંદ આપે છે. અને હું બીજા પ્રવાસનો આતુરતાપૂર્વક ઈંતેજાર કરું છું.

મને ખાત્રી છે કે સુખ તેમજ સગવડ એકસાથે નથી અનુભવી શકતાં. સગવડતામાં જ જો સુખ મળતું હોત તો આપણને બુદ્ધ, મહાવીર અને મહાત્મા ગાંધી મળ્યા ન હોત. મીરાબાઈ, સુરદાસ કે તુલસીદાસ જેવા સંતો અને આલ્બર્ટ સ્વાઈત્ઝર, મધર ટેરેસા કે વિવેકાનંદ જેવા મહામાનવો પણ ના મળ્યા હોત. મહાત્માઓએ સુખ પ્રાપ્ત કરવા સગવડતાનો ભોગ આપ્યો છે. આપણી આઝાદીની લડત દરમિયાન ઘણા બધા સ્વાતંત્ર્ય સૈનિકોએ લાઠીચાર્જ, ટીયરગેસ અને

ગોળીબારનો બહાદુરીથી સામનો કર્યો હતો! આ બધાએ દેશને માટે પોતાની સગવડતાનો કયારેય વિચાર નહોતો કર્યો. ગાતાં ગાતાં આનંદપૂર્વક ફાંસીના માંચડે લટકી જઈ ભગતસિંહ દેશ માટે કુરબાની આપી શહાદતને વર્યો હતો. આમ નક્કી થાય છે કે સુખ તેમજ સગવડ બન્ને સાવ જુદાં જ છે.

એક દિવસ ટી.વી. પર હું 'બ્રહ્માકુમારીની સાથે જાગૃતિ'નો શો જોઈ રહ્યો હતો. બ્રહ્માકુમારી શીવાની સુખ અને સગવડ વચ્ચે રહેલા તફાવતની વાત કરી રહ્યા હતા. એમણે કહયું, મર્સિડીઝ કારની માલિકીથી તમને આરામદાયક પ્રવાસની સગવડ તો મળશે, પરંતુ સુખ નહીં સાંપડે. મર્સિડીઝ તમારી પાસે હોવાનો આનંદ થોડા દિવસ માટે જ ટકશે. ઉદાહરણ તરીકે તમારા સંબંધી કે અંગત મિત્રને થયેલા ગંભીર અકસ્માત માટે એને જોવા માટે મર્સિડીઝમાં હોસ્પિટલ જઈ રહ્યા હશો ત્યારે તમારી મુસાફરી આનંદપ્રેરક નહીં હોય. આમ વસ્તુઓ આપણાને સગવડ આપશે, સુખ કે આનંદ નહીં. અનુભવે મને સમજાયું છે કે સગવડતા તો કેવળ બહારથી મળે છે જ્યારે સુખ આનંદ આપણી અંદરથી જ પ્રાપ્ત થાય છે.

ફ્રેંચ ક્રાંતિ પર આધારિત ચાર્લ્સ ડીકન્સની કલાસિક ફિલ્મ 'ટેઈલ ઑફ ટૂ સિટીઝ' મને સ્મરણ થાય છે. ચાલર્સ્ ડારની કુખ્યાત બેસ્ટીલ જેલમાં ક્રાંતિકારીઓ દ્વારા સજાની રાહ જોઈ રહ્યો છે. આ વખતે ચાર્લ્સનો મિત્ર સીડની કર્ટન (જે હૂબહૂ ચાર્લ્સ જેવો જ દેખાય છે) ચાર્લ્સને જેલમાં મળવા જાય છે. ચાર્લ્સને અસાવધ અવસ્થામાં જેલની બહાર કાઢે છે. એની જગાએ પોતે ગોઠવાઈ જાય છે. જ્યારે સીડની કર્ટનને ફાંસી માટે લઈ જવામાં આવે છે ત્યારે એણે ઉચ્ચારેલા વિખ્યાત શબ્દો: 'હું એક મહત્વનું ખૂબ જ સારું કામ કરી રહ્યો છું, જે મે ક્યારેય કર્યું ન હોત, મેં કલ્પયું પણ ન હોત એવી શાશ્વત શાંતિમાં હું જઈ રહ્યો છું' ચાર્લ્સ ડાર્નેના બદલે એ શાંતિથી મૃત્યુ પામે છે. એક એવો સમય પણ આવે છે જ્યારે મૃત્યુ આનંદદાયી નીવડે છે.

આપણા હૃદયના અતળ ઊંડાણે આપણે અનુભવીએ છે કે સગવડ સામાન્યતઃ સુખ નથી આપતું. આમછતાં આપણે સગવડતાની અપેક્ષાએ સુખ જતું કરીએ છે. ઐશ્વર્ય પાછળથી આંધળી દોટ આપણી તંદુરસ્તી છીનવી લે છે, આપણા કુટુંબ પ્રત્યે બેદરકાર બનાવે છે. આપણે બાળકો તેમજ માતા-પિતાને પૂરતો સમય નથી આપતા. ગરીબોને એમની હાલત પર છોડી દઈએ છે. ખૂબ મોડેથી આપણાને સમજાય છે કે સફળતાની જે સીડીનાં પગથિયા આપણે ચડવા માગીએ છે એને દિવાલનો કોઈ આધાર જ નથી! સગવડતાના ભોગે 'સુખ' થી રહેવાના રાજમાર્ગે જ આપણે પ્રયાણ કરીએ એમાંજ સુખ-સંતોષ અને આનંદ મળે છે.

*અંગ્રેજી પરથી મૂળ લેખક - પ્રદીપ એ. શાહ -*
*મુક્તાનુવાદ પ્રવીણ દેસાઈ*

## Comfort And Happiness

It was a winter morning. My car stopped at a traffic signal below the Kemp's corner flyover. I look out of the window and see 3 poor kids on the pavement. I would put their ages at 7,5 and 2. The older one was clapping and singing, the middle one was playing 'music' on a tin drum with a stick and the tiny toddler was dancing. A thought crossed my mind. Happiness dwells (even) on the sidewalks of our city.

Haven't we experienced happiness when we offer our seat in a bus or a train to an elderly person or a lady? We are in fact exchanging our comfort for happiness. We do this very naturally. If comfort and happiness were synonymous we

would never do that. Sometimes giving up comforts yields happiness.

Thinking of happiness took me back to my younger days, when hiking was my passion. My friend Sanjay and I were on a hike to Matheran. Just outside Neral town, a trek branches off from the pathway to Matheran. It is a short cut, but it means a steeper climb. After the initial steep climb, the trek winds through a hamlet, which is called " the village of barking dogs" as invariably one is greeted by a chorus of barking dogs.Then the trek starts climbing up again. Sanjay stopped there for a smoke and said some thing which I will always remember. He said "On every hike a time comes when I curse myself for coming on the hike, suffering all this pain and discomfort, these aching muscles and blisters on the feet, while I could well have been in Bombay, enjoying a movie in an air-conditioned theatre, or sipping coffee in a cool place. Yet as soon as I reach the top, all the aches and pains are forgotten. I am happy to have achieved something and surprisingly am looking forward to the next hike!"

It made me understand that comfort and happiness do not necessarily go together.

If comfort was happiness, we would not have had Buddha, Mahavir and Mahatma Gandhi; we would not have had saints like Mirabai, Surdas and Tulsidas; we would not have had people like Albert Schweitzer, Mother Teresa or Vivekanand. Geat souls have sacrificed comforts to attain true happiness.

During our freedom movement, many of our freedom fighters faced lathi charges, tear gas and even bullets, they sacrificed comfort. Bhagat Singh happily went to the gallows with a song on his lips. This should not leave room for any doubt that comfort and happiness are different.

The other day I was watching " Awakening with Brahmakumari" on TV. Brahmakumari Shivani was explaining the difference between comfort and happiness. As she explained, acquistion of a Mercedes car will given you comfort of a smooth ride, but cannot ensure 'happiness'. Apart from an elated feeling for a few days, happiness of possesssing the Mercedes will not endure, it will become another 'possession'- for example, when your are rushing in your Mercedes to the hospital to see a dear friend who has met with a serious accident, there is no happiness in the 'Mercedes' ride. Things bring comfort but not happiness, I learnt that comfort comes from outside, while happiness comes from within.

One recounts the great classic 'A Tale of Two Cities,' by Charles Dickens, a story of the times of the French Revolution. Charles Darney is awaiting execution at the hands of revolutionaries in the infamous Bastille Prison. Sydney Carton, a friend of Charles, but a good-for-nothing person (who looks exactly like Charles Darney) visits the prison to see Charles, renders Charles unconscious, lets him be taken out,and takes his place. When Sydney Carton is lead to the guillotine to be beheaded, his famous words are "It is a far far better thing that I do, than I have ever done;  it is a far far better rest that I go to, than I have ever known." He dies happily in place of Charles Darney. There are times when even death brings happiness.

In the heart of our hearts, we understand that comforts do not neccessalily bring happiness. Yet we blindly pursue 'comfort' sacrificing 'happiness'. In the pursuit of wealth, we ruin our health, neglect our families, have no time for our parents or children, let alone for the poor and the downtrodden. Too late we realise that the ladder of success we were climbing was put up against the wrong wall. Let us learn to pursue 'happiness' even whilst sacrificing 'comforts' to 'live happily'.



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

મહિલા વિભાગનો ગત મહિનાનો Filmy Quiz નો કાર્યક્રમ રાખેલો. જેમાં જુના તથા નવા પિકચરના Songs રાખેલા, જેમાં શ્રી કુલરાજભાઈ બેદી અને એમના સાથીદારોએ સુંદર Songs ગાઈને બહેનોને ખૂબ જ આનંદ અપાવ્યો હતો અને Songsમાં વચ્ચે વચ્ચે Quiz પૂછતાં હતા જેમાં લગભગ ૩૩૦ બહેનોએ હાજરી આપી હતી અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. નાસ્તામાં ઈડલી, મેદુંવડા અને કુલ્ફીને ન્યાય આપ્યો હતો. એક દાતા તરફથી મહિલા વિભાગને રૂા. ૧૦,૦૦૦/- મળ્યા હતા. મહિલા વિભાગ તેમનો તથા તેમના પરિવારજનો ખૂબ ખૂબ આભાર માને છે. અને Quiz માં લગભગ ૩૦ બહેનોને Prize આપ્યા હતા.

## આગામી કાર્યક્રમ

તા. ૭મી ઓગસ્ટને ૨૦૧૦ના દિવસે લાડની વાડીમાં રાખવામાં આવ્યો છે. જેના પાસ જુલાઈને ૨૮મીએ બુધવારે સંસ્થાની ઓફિસેથી ૩ થી ૪ ની વચ્ચે રૂા. ૨૫ આપીને આપવાના રહેશે. અને એમાં મકાઈની વાનગીની હરિફાઈ રાખવામાં આવી છે. જેમાં મીઠી તથા તીખી વાનગી બનાવવાની રહેશે અને વાનગી ઘરેથી બનાવીને ૧।। વાગ્યા સુધી લાડની વાડીમાં આપવાની રહેશે અને જે બહેનોએ હરિફાઈમાં ભાગ લીધો હોય તો તેના ૨૫ રૂ. અલગ આપવાનાં રહેશે.

*સંયોજક - નીલમ પરીખ - ૯૮૬૯૭૫૪૯૧૬*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૬૦મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

૬૦ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૭-૧૦ રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખ શ્રી શીરીષ પરીખના સ્થાનેથી રામબાગ હોલ, સી.પી. ટેન્ક, મુંબઈ - ૪૦૦૦૦૪ ખાતે મળી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી ભાવેશ મોદી એ ગત ૫૯મી વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન કર્યું હતું. જેનો ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખશ્રી શીરીષ પરીખ એ પ્રાથમિક તથા ઉચ્ચશિક્ષણના વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તા મુજબ ઈનામોનું વિતરણ કર્યું હતું.

સંસ્થાના મંત્રી શ્રી મંજુલ ધારીયાએ વર્ષ ૨૦૦૯-૧૦ના કાર્યનો એહેવાલ રજુ કર્યો હતો. જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

સંસ્થાના ખજાનચી શ્રી હરેન્દ્ર મોદી એ વર્ષ ૨૦૦૯-૧૦ના અન્વેશિત હિસાબ રજુ કર્યો હતો. અને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામા આવ્યો હતો.

વર્ષ ૨૦૧૦-૧૧ માટે સંસ્થાના ઓડીટર તરીકે પી.એમ. ધારીઆની નીમણુંક કરવામાં આવી હતી. અને જે સર્વાનુમતે ઠરાવ દ્વારા પસાર કરવામા આવી હતી. જેમા તેમનું માનદ્ મહેનતાણું નક્કી કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

ચુટણી અધ્યક્ષ શ્રી વ્રજેશ દેસાઈ એ તેમનો અહેવાલ રજુ કર્યો હતો. જેમા શહેર વિભાગની ખાલી પડેલ ૪ બેઠકો માટે શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીઆ, શ્રી શૈલેશ નટવરલાલ કડકીઆ, શ્રી સંજય જયંતીલાલ શાહ, અને શ્રી કીર્તી હીરાલાલ કડકીઆ તથા ઉપનગરી ખાલી પડેલ ૩ બેઠકો માટે શ્રી નીલેશ નવનીતલાલ શાહ, શ્રી દીક્ષીત કિર્તનલાલ પરીખ અને શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ ને બીન હરીફ ચુટાયેલા જાહેર કર્યા હતા. અને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર કરવામા આવ્યા હતા. પ્રમુખ શ્રી એ ચુંટણી અધ્યક્ષ શ્રી વ્રજેશ દેસાઈનો આભાર માન્યો હતો.

હાજર રહેલા સભ્યોએ નવયુવક સંઘના સંચાલન અંગેના વિવિધ પ્રશ્નો તથા સુચનો કર્યા હતા. જેના સંતોષકારક જવાબ આપવામા આવ્યા હતા. તથા તેઓએ સુચન કર્યું હતું કે આ વર્ષે હીરક મહોત્સવ ઉજવવો અને તેમની સુભેચ્છા આપી હતી.

નવા ચુટાયેલા પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ એ ટુકુ ભાષણ આપી સર્વનો આભાર માન્યો હતો.

અને પ્રમુખશ્રી એ હાજર રહેલા સભ્યોનો આભારમાની સભા બરખાસ્ત કરી હતી.

## ૧લી કાર્યવાહક સમિતિનો અહેવાલ

વર્ષ ૨૦૧૦-૧૧ની કાર્યવાહક સમિતિની ૧લી બેઠક તા. ૨૦-૭-૧૦ રવિવારના રોજ સાંજે ૭ કલાકે રામબાગ સી. પી. ટેન્ક, મુંબઈ -૪ ખાતે મળી હતી. સંસ્થા પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆના પ્રમુખ સ્થાને નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆએ સંસ્થાની ગત વર્ષની કાર્યવાહક સમિતિની ૧૧મી બેઠકની કાર્યનોધનું વાંચન કર્યું હતું અને તે સર્વાનુમતે પસાર કરવામા આવી હતી.

સંસ્થાના પ્રમુખશ્રી દ્વારા ઉપપ્રમુખ તરીકે શ્રી સૌમિલ મોદી, મંત્રી શ્રી મંજુલ ધારીઆ, સહમંત્રી શ્રી ભાવેશ મોદી અને શ્રી નીલેશ શાહ, ખજાનચી શ્રી નીકેશ ગાંધી તથા તંત્રી શ્રી નીખીલ પરીખની નીમણુંક કરવામાં આવી હતી. જેનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામા આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ શ્રી એ વિવિધ પ્રવૃતીઓ માટે સંયોજકની નીમણુંક કરી હતી તથા બધા સભ્યોને પ્રવૃતીમા વેગ આપવા વીનંતી કરી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા વરખાસ્ત કરી હતી.

*સહમંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી*
*મંત્રી : શ્રી મંજુલ શૈલેશ ધારીઆ*

## શ્રી બાલાસિનોર નવયુંવક સંઘ
## 'ગીરીપૂજા' કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)
## જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થીભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતિની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સપૂર્ણ વિગતો ભરી વાલીની સહી લઈ ઓફીસમાં તા. ૨૦-૯-૧૦ પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરીયાતવાળાઓએ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :** શ્રી બાલાસિનોર નવયુવક સંઘ ઓફીસે ઓફીસના સમય દરમ્યાન સોમ થી શનિ - ૨ થી ૮, રવિવાર સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ તથા શ્રી બાલાસિનોર પ્રગતી સમાજની ઓફીસે સાંજે ૪ થી ૭ વાગ્યા સુધી.

*મંત્રી મંજુલ ધારીઆ (હેડમાસ્તર) - સંયોજક કીર્તિ કડકીઆ (લટકારી)*

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ વર્ષ ૨૦૧૦-૧૧ની વિવિધ સમિતિઓ

## કોમ્પ્યુટર શિક્ષણ યોજના

શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સંયોજક
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ - સભ્ય
શ્રી ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ - સભ્ય
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ - સભ્ય
શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીઆ - હોદેદાર
શ્રી નીલેશ નવનીતલાલ શાહ - હોદેદાર

## મેમ્બરશીપ મેનેજમેન્ટ સમિતિ

શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સંયોજક
શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ - સભ્ય
શ્રી દીલીપ નવનીતલાલ ધારીઆ - સભ્ય
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ - સભ્ય
શ્રી ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીઆ - સભ્ય
શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ - સભ્ય
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા - હોદેદાર
શ્રી નીલેશ નવનીતલાલ શાહ - હોદેદાર

## આંતરીક રમત ગમત

શ્રી અજીત નટવરલાલ મોદી - સંયોજક
શ્રી નીલેશ ગોકલદાસ પરીખ - સભ્ય
શ્રી કેતન રજનીકાન્ત ગાંધી - સભ્ય
શ્રી જગદીશ શાંતીલાલ પરીખ - સભ્ય
શ્રી મનોજ કડકીઆ - સભ્ય
શ્રી કીંજલ પંકજ પરીખ - સભ્ય
શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ - સભ્ય
શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી - હોદેદાર
શ્રી નીલેશ નવનીતલાલ શાહ - હોદેદાર

## ઉપનગર સમિતિ

શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ - સંયોજક
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
શ્રી ગોપાલ રમણલાલ કડકીઆ - સભ્ય
શ્રી નીમીષ બાબુલાલ ગાંધી - સભ્ય
શ્રી કલ્પેશ કિર્તનલાલ ધારીઆ - સભ્ય
શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી - સભ્ય
શ્રી ભરત કાંતિલાલ પરીખ - સભ્ય
શ્રી દિલિપ નવનીતલાલ ધારીઆ - સભ્ય
શ્રી નીતીન કિર્તનલાલ શાહ - સભ્ય
શ્રી વસંત નટવરલાલ દેસાઈ - સભ્ય
શ્રી પ્રકાશ કાંતિલાલ પરીખ - સભ્ય
શ્રી દીક્ષીત કિર્તનલાલ પરીખ - સભ્ય
શ્રી બંકીમ રજનીકાન્ત પરીખ - સભ્ય
શ્રી હીમેશ રજનીકાન્ત પરીખ - સભ્ય
શ્રી કમલેશ ચંદ્રકાંત દોશી - સભ્ય
શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા - હોદેદાર
શ્રી નીલેશ નવનીતલાલ શાહ - હોદેદાર

## નોટબુક સમિતિ

શ્રી જાસ્મીન બીપીન શેઠ - સંયોજક
શ્રી દીક્ષીત કિર્તનલાલ પરીખ - સભ્ય
શ્રી સમીર જયેન્દ્ર ગાંધી - સભ્ય
શ્રી ગોપાલ રમણલાલ કડકીયા - સભ્ય
શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
શ્રી દિલિપ નવનીતલાલ ધારીઆ - સભ્ય
શ્રી જગદીશ શાંતિલાલ પરીખ - સભ્ય
શ્રી હિમાન્શુ હરેન્દ્ર દેસાઈ - સભ્ય

| | | |
|---|---|---|
| શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા | - | હોદેદાર |
| શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી | - | હોદેદાર |

## પુસ્તક સમિતિ

| | | |
|---|---|---|
| શ્રી જગદીશ શાંતિલાલ પરીખ | - | સંયોજક |
| શ્રી રાજુ મંગલદાસ પરીખ | - | સભ્ય |
| શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| શ્રી જાસ્મીન બીપીન શેઠ | - | સભ્ય |
| શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીઆ | - | સભ્ય |
| શ્રી સોમીલ જીતેન્દ્ર મોદી | - | હોદેદાર |
| શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી | - | હોદેદાર |

## રસોત્સવ સમિતિ

| | | |
|---|---|---|
| શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સંયોજક |
| શ્રી ભરત કાંતિલાલ પરીખ | - | સભ્ય |
| શ્રી હરેન્દ્ર ચીમનલાલ મોદી | - | સભ્ય |
| શ્રી ગોપાલ રમણલાલ કડકીયા | - | સભ્ય |
| શ્રી નીમીષ બાબુલાલ ગાંધી | - | સભ્ય |
| શ્રી દીક્ષીત કિર્તનલાલ પરીખ | - | સભ્ય |
| શ્રી દક્ષેશ સોમાલાલ પરીખ | - | સભ્ય |
| શ્રી અજય પ્રવિણચંદ્ર દોશી | - | સભ્ય |
| શ્રી સુનીલ નવીનચંદ્ર મોદી | - | સભ્ય |
| શ્રી શશીકાંત સાકરલાલ શાહ | - | સભ્ય |
| શ્રી પ્રબોધ નટવરલાલ દોશી | - | સભ્ય |
| શ્રી વસંત નટવરલાલ દેસાઈ | - | સભ્ય |
| શ્રી દિલિપભાઈ નવનીતલાલ ધારીઆ | - | સભ્ય |
| શ્રી જતીન નવનીતલાલ દેસાઈ | - | સભ્ય |
| શ્રી જાસ્મીન બીપીન શેઠ | - | સભ્ય |
| શ્રીમતી સોહીની યોગેશ કડકીયા | - | સભ્ય |
| શ્રીમતી મીનોતી પંકજ શાહ | - | સભ્ય |
| શ્રીમતી નીશમા નીતેશ શાહ | - | સભ્ય |
| શ્રીમતી કામીની બકુલ શાહ | - | સભ્ય |
| શ્રી સમીર જયેન્દ્ર ગાંધી | - | સભ્ય |
| શ્રી કલ્પેશ સુરેશ ધારીયા | - | હોદેદારો |
| શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા | - | હોદેદારો |

## જ્યોતિપુંજ સમિતિ

| | | |
|---|---|---|
| શ્રી નીખીલ બાબુલાલ પરીખ | - | તંત્રી |
| શ્રી ચેતન કાંતિલાલ મોદી | - | સભ્ય |
| શ્રી જતીન નવનીતલાલ દેસાઈ | - | સભ્ય |
| શ્રી અમીત વસંતભાઈ પારેખ | - | સભ્ય |
| શ્રી કલ્પેશ સુરેશ ધારીયા | - | હોદેદાર |
| શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી | - | હોદેદાર |

## ક્રિકેટ સમિતિ

| | | |
|---|---|---|
| શ્રી કિંજલ પંકજ પરીખ | - | સંયોજક |
| શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીઆ | - | સભ્ય |
| શ્રી ચીંતક પંકજ પરીખ | - | સભ્ય |
| શ્રી ચીરાગ ચંદ્રકાંત પરીખ | - | સભ્ય |
| શ્રી નીરવ જયેન્દ્ર દેસાઈ | - | સભ્ય |
| શ્રી નીહાર અતુલ કડકીઆ | - | સભ્ય |
| શ્રી કલ્પેશ સુરેશ ધારીયા | - | હોદેદાર |
| શ્રી મંજુલ શૈલેશકુમાર ધારીયા | - | હોદેદાર |

## મહિલા વિભાગ

| | | |
|---|---|---|
| શ્રીમતી નીલમ નીતીન પરીખ | - | સંયોજક |
| શ્રીમતી કુંજલતા હેમેન્દ્ર શાહ | - | સભ્ય |
| શ્રીમતી અલ્કા ભરત પરીખ | - | સભ્ય |
| શ્રીમતી પ્રતિમા કીરીટ ધારીઆ | - | સભ્ય |
| શ્રીમતી લીના મંજુલ ધારીઆ | - | સભ્ય |
| શ્રીમતી અમી હીતેશ ધારીઆ | - | સભ્ય |

| | | |
|---|---|---|
| શ્રીમતી ઈન્દીરા પ્રવિણચંદ્ર શાહ | - | સભ્ય |
| શ્રીમતી પ્રફુલા વિજય મહેતા | - | સભ્ય |
| શ્રીમતી સોહીની યોગેશ કડકીઆ | - | સભ્ય |
| શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા | - | હોદેદાર |

**હોસ્પીટલ સહાય સમિતિ**

| | | |
|---|---|---|
| શ્રી શૈલેશ નટવરલાલ કડકીયા | - | સંયોજક |
| શ્રી કીર્તિ હીરાલાલ કડકીઆ | - | સભ્ય |
| શ્રી મધુસુદન ભીખાલાલ પરીખ | - | સભ્ય |
| શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી | - | હોદેદાર |
| શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી | - | હોદેદાર |

**જનતા ફી સહાય સમિતિ**

| | | |
|---|---|---|
| શ્રી કીર્તિ હીરાલાલ કડકીયા | - | સંયોજક |
| શ્રી સતીષ ભીખાલાલ પરીખ | - | સભ્ય |
| શ્રી નીખીલ નવનીતલાલ પરીખ | - | સભ્ય |
| શ્રી ચંદ્રેશ પ્રવિણચંદ્ર કડકીયા | - | સભ્ય |
| શ્રી સૌમીલ જીતેન્દ્ર મોદી | - | હોદેદાર |
| શ્રી ભાવેશ બીપીનચંદ્ર મોદી | - | હોદેદાર |

**શ્રીજી મેડિકલેમ યોજના**

| | | |
|---|---|---|
| શ્રી ભરત કાંતિલાલ પરીખ | - | સંયોજક |
| શ્રી ચેતન મુળજીભાઈ દેસાઈ | - | સભ્ય |
| શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ | - | સભ્ય |
| શ્રી નીમેષ બાબુલાલ ગાંધી | - | સભ્ય |
| શ્રી મંજુલ શૈલેષકુમાર ધારીયા | - | હોદેદાર |
| શ્રી નીલેશ નવનીતલાલ શાહ | - | હોદેદાર |

**બી.પી.એલ. ક્રિકેટ ટુર્નામેન્ટ**

| | | |
|---|---|---|
| શ્રી કિંજલ પંકજ પરીખ | - | સંયોજક |
| શ્રી નીહાર અતુલ કડકીઆ | - | સભ્ય |
| શ્રી ચિરાગ ચંદ્રકાન્ત પરીખ | - | સભ્ય |
| શ્રી નીરવ જયેન્દ્ર દેસાઈ | - | સભ્ય |
| શ્રી સમીર પ્રવિણચંદ્ર ધારીઆ | - | સભ્ય |
| શ્રી ચીંતક પંકજ પરીખ | - | સભ્ય |
| શ્રી નીતીન જયંતિલાલ પરીખ | - | સલાહકાર |

**કો-ઓરડીનેટર**

| | | |
|---|---|---|
| શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાલા) | - | ટ્રસ્ટી |
| શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ) | - | હોદેદાર |
| શ્રી મંજુલ શૈલેષ ધારીઆ | - | હોદેદાર |
| શ્રી નીકેશ જયેન્દ્ર ગાંધી | - | હોદેદાર |

**જાહેર સુચના :**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘનું કાર્યાલય દર બુધવારના રોજ બંધ રહેશે તેની નોંધ લેવી.

***મંત્રી - મંજુલ શૈલેષ ધારીઆ***

## શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ પુરસ્કૃત
## ૧૦મી આવૃતી વસ્તી પત્રક વેંચાણ માટે જાહેર સુચના

સંસ્થામાં જુજ કોપી બાકી હોવાથી વહેલો તે પહેલોના ધોરણે વસ્તી પત્રકનું વેચાણ સંસ્થાના સમય દરમ્યાન રાખવામા આવું છે.

વસ્તી પત્રકની નકલની કીમત રૂા. ૧૫૦/- રહેશે. જેમને વસ્તીપત્રક ન લીધા હોય તથા જેમને વેચાતા લેવા હોય તે વહેલી તકે લઈ લેવા વિનંતી.

**– મંત્રી – મંજુલ ધારીઆ (હેડમાસ્તર)**

# શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકિઆ તથા શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકિઆ (ખીસાદાર) પુરસ્કૃત

# Talent Appreciation Scheme

શિક્ષણનું મહત્વ આપણે સૌએ સ્વીકાર્યું જ છે. પણ કહેવાય છે કે 'All work & no play makes jack a dull boy'

શિક્ષણ ઉપરાંત જો આપણામાં રહેલી છુપી શક્તિઓનાં ખજાનાને આપણે ઉભરવા નહીં દઈએ, તો આપણામાં રહેલો અખુટ ખજાનો વેડફાઈ જશે.

કો'ક તેન્ડુલકર કાગળ અને પેનમાં અટવાશે.

કો'ક અમિતાભ ફાઈલોનાં ઢગલામાં ખોવાઈ જશે. વળી કો'ક માધુરી દિક્ષીતની આશાઓ બેતાલ બની રહેશે. તેથી જ આપણે

Talent Appreciation Scheme

પ્રયોજી છે. જેમાં સમાજનાં કલાકારો, રમતવીરો, સામાજીક કાર્યકર્તાઓ, સાહિત્યકારો, સંગીતકારો અને નૃત્યકારોને સન્માનિત કરી પ્રોત્સાહન આપવાનું આપવાનું બીડું ઝડપ્યું છે. આપ સૌ આપની જાણમાં આવી કોઈ ટેલેન્ટ હોય તો સમાજને આપનાં આનંદમાં સહભાગી થવાનો મોકો આપશો એ અભ્યર્થના.

## લગ્ન પ્રસંગે દાન માટે મળેલા વચનોની યાદી

૧) જયેશ રજનીકાન્ત શાહ (નગરશેઠ)
રૂા. ૧૧,૧૧,૧૧૧/-
સુપુત્રી સ્કૃતિના લગ્ન પ્રસંગે

૨) હેતન કડકીઆ
રૂા.૧,૧૧,૧૧૧/-
સુપુત્ર રુકસીતના લગ્ન પ્રસંગે

૩) અમીત રમેશચંદ્ર ધારીઆ (શહેરાવાળા)
રૂા.૫૧,૦૦૦/-
સુપુત્રી સીમોનીના લગ્ન પ્રસંગે

૪) પરેશ રસીકલાલ પરીખ (દુધવાળા)
રૂા. ૨,૦૦,૦૦૦/-
સુપુત્ર અંકીતના લગ્ન પ્રસંગે

**સંયોજક - વ્રજેશ દેસાઈ**

# DIAMOND JUBILEE YEAR

# SHREE BALASINOR NAVYUVAK SANGH

# PRESENTS

# BPL CRICKET TOURNAMENT 2010-11.

**Cricket in Balasinor is only going one way ------ Upwards & we have moved one more step forward by surprising everybody. Since IPL has been hit all over the world then why we Balasinorians stay behind.**

**This year we are introducing a new league.**

# BALASINOR PREMIER LEAGUE
# T20 TROPHY

**BPL trophy will consist of all the six owners' logo, names & also the winning team owner name will be displayed.**
**There will be 2 groups of 3 teams each & every team will play 3 matches against the opposite group teams.**
**Top 2 teams of the same group will play semi-finals against each other.**
**The proud owners finalized for BALASINOR PREMIER LEAGUE are as follow:**

1. **SHRI DILIP M. DHARIA [LALKHA], [THE IMPERIAL TUBE & HARDWARE MART]**
2. **SHRI SURENDRA R. PARIKH [SURENDRA ENGINEERING CORPORATION]**
3. **SHRI PARIMAL R. SHAH [UJADAWALA] [APEX ENGINEERING COMPANY]**
4. **SHRI RAKESH K. KADAKIA [KHISSADAR] [VISHESH CAPITAL]**
5. **SHRI ALPESH Y. DHARIA [SURATWALA] [BHARAT ASBESTOS & RUBBER CO.]**
6. **SHRI NIMISH P. KACHERIA [VARKHA] & SHRI ASHISH.V. GANDHI [SURTI]**

**The matches will be played at CENTRAL RAILWAY CRICKET GROUND, LOWER PAREL on the dates mentioned below:**
**League matches: 14th November 2010, 28th November 2010, 5th December 2010, 19th December 2010, and 9th January 2011.**
**Semi-finals & Final: Date will be announced later on.**
**Final only will be Day & Night match at Police Gymkhana ground.**
**Without the support of owners & members of our community this tournament will not be possible.**
**Please make it a point to be there to cheer all the teams & players of our community & make this BPL a grand success.**
**Supported by Sub-committee members:**
**BPL SUB COMMITTEE MEMBERS ARE AS FOLLOWS:**

1. **NITIN JAYANTILAL PARIKH [BAKHALI]:9821039087**
2. **CHINTAK PANKAJ PARIKH [BAKHALI] :9819286125**
3. **NIHAR ATUL KADAKIA [LATKARI]:9320165168**
4. **SAMIR PRAVINCHANDRA DHARIA [LALKHA]:9870716852**
5. **NIRAV JAYENDRA DESAI [SEVALIYAWALA] :9323846842**
6. **CHIRAG CHANDRAKANT PARIKH [C.K.] : 9821574856**

**REPRESENTATIVE CO-ORDINATOR FROM BNS, FOR BPL: SHRI RAJENDRA K.DESAI [LATWALA] Trustee. 9820080194 & Shri Yogesh R. Dharia - Trustee - 9821544950**
**BPL logo designed by: SHRI RIKIT NILESH MODY [PAPERWALA] CO: RIKANIMO ANIMATION STUDIO.**
**SPONSORER'S FOR TROPHY ARE WELCOME, CONTACT - SHRI KINJAL PARIKH**

| | | |
|---|---|---|
| **Shri Kalpesh S. Dharia (Balbal)** | **Shri Manjul S. Dharia (Headmaster)** | **Shri Kinjal Pankaj Parikh (Bakhli)** |
| **President** | **Hon. Secretary** | **BPL Convener** |
| **9820183907** | **9820135014** | **9820815584** |

।। શ્રી ગોકુલેશો જયતિ ।।

# શ્રી ચતુર્થ ગૃહ હિતવર્ધક પરિવાર મુંબઈ

આયોજીત

## શ્રી પવિત્રા બારસ ગુરૂ વંદન કાર્યક્રમ

શ્રી ચતુર્થગૃહના અનન્યભાવી વૈષ્ણવો ભાઈ - બહેનો ગુરુ વંદનના પાવન પ્રસંગે

## પૂ. પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વલ્લભબાવા શ્રી

(શ્રી ગોકુલ - અમદાવાદ - મુંબઈ) સહપરિવાર બીરાજશે.

**શુભ દિવસ :**

શ્રાવણ સુદી બારસને શનિવાર તા. ૨૧.૮.૨૦૧૦

**સમય :**

સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ - સાંજે ૩.૦૦ થી ૮.૦૦

**સ્થળ :**

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર હૉલ, શ્રી લક્ષ્મીનારાયણ લેન, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭

**શ્રાવણ સુદ અગિયારસના શુક્રવાર તા. ૨૦.૮.૨૦૧૦ના રોજ નીચેના સ્થળે કાર્યક્રમ**

(૧) **શ્રીમતી સુરેખાબેન એસ. કડકીઆ :** હેપીહોમ એપાર્ટમેન્ટ, ૧લે માળે, નેપયન્સી રોડ, મુંબઈ.
ફોન : ૨૩૬૭૭૯૪૯ – **બપોરે : ૨.૦૦ થી ૪.૦૦ કલાકે**

(૨) **સત્સંગ મંડળ :** અમૃતવાડી, સિક્કાનગર, વી.પી.રોડ, મુંબઈ - ૪. - **સાંજે ૫.૦૦ થી ૭.૩૦ કલાકે**

**પવિત્રાના કાર્યક્રમ માટે સંપર્ક નંબર**

| | | |
|---|---|---|
| શ્રી વિનોદભાઈ શાહ | શ્રી ગોપાલ એન. શેઠ | શૈલેષભાઈ એન. કડકીઆ (ધંગેલા) |
| ૯૮૨૦૦૨૯૦૮૭ | ૯૮૧૯૧૬૮૯૬૧ | ૯૮૧૯૨૭૬૯૭૦ |

**જ્યાં જ્યાં શ્રી ગોકુલેશ.................લેશ ના રહે કલેશ**

**શ્રી ચતુર્થ ગૃહ હિતવર્ધક પરિવાર (મુંબઈ) ના**

**જૈ જૈ શ્રી ગોકુલેશ........ શ્રી વલ્લભબાવાશ્રી ગોકુલેશ**

# કોણ છે,
# આ નટુભાઈ વોરા ?

શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળના ઉપક્રમે રવિવાર તા. ૧૩-૬-૧૦ના દિને સવારે ૮.૪૫ વાગ્યાથી, કે.સી. કોલેજના રામા વાટુમલ સભાગૃહમાં ૪૦ જેટલા દાતાઓ દાનવીરોનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મંડળના પ્રમુખ શ્રી રસિકલાલ મણીલાલ લાકડાવાળા અધ્યક્ષપદે હતા. મુખ્ય મહેમાન શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ-વોરા હતા.

એક પ્રથા આપણી સંસ્થાઓએ સારી પાડવાની શરૂઆત કરી છે. ઘરદિવડાઓનો ઉજાસ સમાજમાં ફેલાવવાની, મારો ઈશારો મુખ્ય મહેમાન માટે સમાજની સંમાનીય વ્યક્તિઓને આવા પ્રસંગે સમાજ સમક્ષ પેશ કરવા તરફ છે.

અલ્પાહાર, ચા-કોફીના કાર્યક્રમ બાદ શરુ થયેલા સમારંભ લગભગ બે કલાકના સમયમાં પૂરો કરવામાં આયોજકોએ સરસ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આટલા બધા દાતાઓ હોવા છતાં ! અને એકાંકી નાટક રજૂ કરીને. અલબત્ત કેટલાક દાતાઓએ સન્માન સ્વીકારવાનો સવિનય ઈન્કાર કર્યો છે.

મુખ્ય મહેમાન નટુભાઈનો પરિચય આપવાની જવાબદારી આ લખનારને મંત્રી શ્રી કિરીટ કડકીઆ એ (મલમ) સોંપી હતી. જે પરિચય કાર્યક્રમમાં આપવામાં આવ્યો તેની વિગત અત્રે રજુ કરી છે.

પરિચય એટલે શું ? વ્યક્તિનો જન્મ, જન્મસ્થળ, અભ્યાસ, વ્યવસાય, કુટુંબ, લગ્ન વગેરે ? આ તો વ્યક્તિનો સ્થૂળ પરિચય છે. સમાજના શ્રેયાર્થે કામ કરતા આજના મુખ્ય મહેમાનનો એમના સામાજિક કાર્યો સંદર્ભે પરિચય કરાવવાનો ઉપક્રમ છે.

બાલાસિનોરમાં કડિયાના ઢાળે આવેલું એમનું મકાન ખૂબ નાની વયે મને તો એક મહેલ જેવું લાગતું. સરસ કોતરણીવાળા થાંભલા, ભોંયતળિયે વિશાળ હોલ, પૂર્વ દિશાએ થોડાં પગથિયાં ચડી મકાનમાં પ્રવેશ કરવાનો વૈભવ. બધું જ ત્યાંથી જતાં આવતાં કિશોરાવસ્થામાં ખૂબ ઉત્સુકતાથી નિરખતો.

સામાજિક કાર્યોમાં સાથે કામ કરવાનો મોકો મળ્યો ત્યારે ઘણાં વર્ષે આ મકાનમાં અંદર જવા મળ્યું અને મારી આતુરતાનો અંત આવ્યો.

મને એક વાતનું કાયમ આશ્ચર્ય થતું આ વણિક-વૈષ્ણવ કુટુંબનો માણસ 'વોરા' કેમ થઈ ગયો ! એ વાતનો ખુલાસો કરતાં નટવરભાઈએ કહયું, ચંદુલાલ વોરા એન્ડ કાું.ના કારણે 'વોરા' ઉપનામ મળ્યું.

નટવરભાઈનીં મૂળ નિસ્બત શિક્ષણ સાથે. વર્ષોથી શૈક્ષણિક સંસ્થાઓ સાથે કાર્ય કરે. વિદ્યોતેજક મંડળના ટ્રસ્ટી તરીકે એમનું આ વર્ષ સુવર્ણ જયંતીનું (૧૯૬૦-૨૦૧૦) શ્રી બાલાસિનોર કેળવણી મંડળના કેદારની તળેટીએ આવેલ ઓચ્છવલાલ શેઠ હાઈસ્કુલના મકાનોના બાંધકામમાં આર્કિટેકટ શ્રી નટવરલાલ બરાઈની સેવા ઉપલબ્ધ કરાવી આપવામાં એમનું મહત્વનું યોગદાન. વળી આ મંડળના ટ્રસ્ટી તરીકે વર્ષ ૧૯૯૩-૯૪ થી સક્રિય પૂનમચંદ વૈદ્યરાજ વિદ્યાલયમાં સુભદ્રાબેન અને નવીનચંદ્ર રમણલાલ કચેરીઆની સ્મૃતિમાં બંધાવેલ બે વર્ગખંડો માટે પણ એમણે સેવા આપી છે.

બાલાસિનોર વિદ્યા મંડળની આટર્સ કોલેજ માટે

મુખ્ય દાતાપરિવાર ચંદનબેન અને સોમાલાલ હરિલાલ દેસાઈના નામે એમના પુત્ર શ્રી ચંપકભાઈ દ્વારા વર્ષ ૧૯૬૮માં દાન લાવી આપ્યું. આજ મંડળના વર્ષ ૧૯૯૪-૧૯૯૯ સુધી ઉપપ્રમુખ રહ્યા. ૧૯૯૯ થી આજપર્યંત પ્રમુખ તરીકે કાર્યરત છે. એમની આગેવાની હેઠળ કોલેજનો ખૂબ જ વિકાસ થયો છે. વિશાળ કેમ્પસમાં વિવિધ મકાનોના બાંધકામ અને પ્લાનીંગ માટે મુંબઈના પ્રખ્યાત આર્કિટેકટ શ્રી નટવરલાલ બરાઈ, શ્રી બિપીનભાઈ બરાઈ અને શ્રી કુલકર્ણીની માનદ્ સેવાઓ આપણને મળી તેનો યશ પણ આપણા આજના મુખ્ય મહેમાનને ફાળે જ જાય છે.

છેલ્લા દસ વર્ષમાં નટુભાઈના પ્રમુખ પદ હેઠળ સંસ્થાને વિશિષ્ટ તથા અદ્યતન સુવિધાઓ સાંપડી. તેમાં પણ તેમનું પ્રત્યક્ષ યોગદાન પ્રાપ્ત થયું. આ સુવિધાઓમાં બાગબગીચા, અદ્યતન લેંગ્વેજ લેબોરેટરી, આધુનિક કોમ્પ્યુટર લેબોરેટરી, યુ.જી.સી.નું મકાન, ઐતિહાસિક મ્યુઝિયમ, NAAC ની માન્યતા, P.G. ના વિદ્યાર્થીઓને સુશોભિત ડોકેટ્સ તથા પ્રથમ અને દ્વિતીય વિદ્યાર્થીઓને માતબર રકમના પારિતોષિકો, હોસ્ટેલ તેમજ આચાર્યના નિવાસનું નવીનીકરણ વગેરે. આ બધું કર્યા પછી મંડળનું ભંડોળ વર્ષ ૧૯૯૯માં રૂા. ૩૯,૬૮૦૦૦/- હતું તે આજે ૨૦૧૦માં રૂપીઆ ૧,૫૫,૦૦,૦૦૦/-નો આંક વટાવી ગયું તેની પાછળનું પ્રેરક બળ પણ આજના આપણા મુખ્ય મહેમાન નટવરભાઈ જ.

સંસ્થાના પ્રમુખ તરીકે કારોબારીના તમામ સભ્યોનો ટેલીફોનથી સંપર્ક કરી મંડળની પ્રવૃત્તિઓની માહિતી પૂરી પાડતા રહે છે. વર્ષમાં એકવાર સૌને બાલાસિનોર કોલેજની મુલાકાતે લઈ જવાની ફરજ છેલ્લા દસ વર્ષથી સુપેરે નિભાવે છે. તદુપરાંત વિદ્યામંડળની વાર્ષિક સામાન્ય સભા AGM બાલાસિનોરમાં યોજીને ૪૦વર્ષની પરંપરા પણ ચાલુ રાખી છે.

વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ દ્વારા તેમનાં પત્ની સ્વ. સુશીલાબેનના નામે B.A., માટેની સ્કોલરશીપ એમનું પ્રદાન છે.

નટવરભાઈ મંડળનો પ્રશ્નો પરત્વે દોરવણી આપતા રહે, પોતાની વાત રજૂ કરે, સાચું લાગે તે કહે પણ ખરા. પરંતુ એ માટેનું મમત્વ કે આગ્રહ નહીં.

નટવરભાઈનું સૌજન્ય અને સૌમ્ય અવાજ એમનો ગુણવિશેષ છે. આપણી સાથે વાત કરતા હોય તો જમણો કાન સાંભળે પણ ડાબા કાનને ખબર પણ ન પડે ! કોઈપણ વ્યક્તિનો આથી વિશેષ શો પરિચય હોઈ શકે ? તો આ છે આપણા મુખ્ય મહેમાન શ્રી નટવરાલાલ ચંદુલાલ પરીખ - વોરા.

*- પ્રવીણ દેસાઈ*

નોંધ :-

આવા સન્માન સમારંભો યોજવા પાછળનો ઉદેશ સારો છે પરંતુ એનો અતિરેક થઈ રહ્યો છે એવું નથી લાગતું ? ક્યાંક તો પૂર્ણવિરામ મુકાવું જોઈએ એવો આ લખનારનો અંગત મત છે. આ સંદર્ભે ભાઈ શ્રી કાર્તિક કડકીઆએ આ પ્રસંગે ખૂબજ સૂચક વાત કરી હતી. આવા સમારંભો ન હોય તો પણ આપણને દાતાઓની ખોટ નથી વર્તાવાની.

બીજી વાત આ વખતે લગભગ ૪૫ ટકા જેટલા દાતાઓએ સન્માન નહીં સ્વીકારીને આપણને માર્ગ બતાવ્યો છે. એવાં કેટલાંક મંડળો પણ છે જે આવાં સન્માન કર્યા વગર પણ દાન મેળવે છે. વિચારીશું ?

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોતેજક મંડળ બાલાસિનોર વિદ્યોતેજક અને ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત દાતાઓનાં સન્માન સમારંભના સંસ્મરણો

'આનંદ અને ગર્વની લાગણી સાથે કહુ છું કે મંડળ અને સમાજની સહાય વડે, આજે હું અને મારાં ભાઈ-બહેનો, ઉચ્ચ ભણતર પામી દુનિયામાં અમારું આગવું સ્થાન બનાવી શકયા છીએ!'- પિતાશ્રી પી. પી. કડકીઆ વતી સન્માન સ્વીકારતાં ડૉ. માધવી (Ph.D.)નાં આ પ્રતિભાવ હતા.

તો અન્ય દાતા શ્રીમતી પુષ્પાબેન રસિકલાલ કડકીઆ (R.R.) નું પ્રતિનિધિત્વ કરનાર તેમના પુત્ર શ્રી કાર્તિકભાઈ એ જાહેર સન્માન સ્વીકારવા પાછળનો પ્રેરણાદાયક હેતુનો ખુલાસો કરતાં જણાવ્યું કે, 'સન્માન લેવા માટે અમે કોઈ મહાન કાર્ય કર્યું નથી, સમાજ પ્રત્યેની ફરજ રૂપે, સમાજને આપ્યું છે, જેથી અન્યોને પણ દાન આપવાની પ્રેરણા મળે અને સમાજના જરૂરિયાતમંદનોને ક્યારેય ખેંચ ન વર્તાય.'

ઉપરોક્ત પ્રતિભાવો જેવા જ આશય સાથે, દાન અને જ્ઞાનનો મહિમા સમાજ સુધી પહોંચાડી શકાય, દાતાઓને પ્રેરણા મળે અને વિદ્યાર્થીઓને નવાં શિખરો સર કરવાનું બળ મળે, એવા ઉમદા હેતુ સાથે દશાનીમા વિદ્યોતેજક મંડળે, 'દાતાઓનો સન્માન સમારંભ' આયોજ્યો હતો. જેનું મુખ્ય મહેમાનપદ શ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) શોભાવ્યું હતું.

૧૩મી જુન, વર્ષ ૨૦૧૦ના ચોમાસાના પહેલા રવિવારની ખુશનુમા સવારે, કે. સી. કોલેજ, ચર્ચગેટનાં રામા વાટુમલ હોલ પર દાતાઓની ધનવર્ષાથી અંજાઈ જઈ મેઘરાજ પણ જાણે છોભાઈને શાંત પડી ગયા હતા. જ્ઞાતિજનો, દાતાઓ, તેમનાં કુટુંબીજનો અને આમંત્રિતો, સૌએ ખુશમિજાજ સવારને માણતાં, નાસ્તા અને ચા-કોફીની લિજ્જત માણી. બાદ, એકાંકી નાટયપ્રયોગના મનોરંજક પ્રારંભ ને ઉત્સુકતાથી માણવા સ્થાનબદ્ધ થયા.

એક નવતર પ્રયોગરૂપે, કમલેશ દરૂ સંકલિત અને મિહિર રાજડા લિખિત એકાંકી 'આઈ એમ. ઓ. કે.' દ્વારા આજના મંદીના કાળમાં મોંઘવારીથી ભીંસતા એક મધ્યમવર્ગીય યુગલની કથા રજુ કરાઈ. નવ પરિણીત યુગલ મંદીના સમયમાં. બાર સાંધે ને તેર તુટતા હોય એવા આભમાં નાની નાની ખુશીઓનાં થીગડાં મારી મેઘધનુષનો આભાસ રચી ગાડુ ગબડાવતાં હોય. એવામાં જો પગાર કપાત થઈ અડધો થઈ જાય અને ભાડુ ચુકવી ન શકતાં, ઘરમાં અજાણ્યા પેઈંગ ગેસ્ટ ને નિભાવવો પડે. એવાં આંચકા જીરવતાં, 'સુ-વાવડ'ના ઉજવણીને પણ ખર્ચનાં જમા-ઉધારમાં મુલવવા મજબુર થાય જ. હવે વિચારો કે, અડધો પગાર કાયમી વધતી મોંઘવારી અને 'સુવાવડ'માં Twins નું જોડિયુ સુખ મળે તો.. સુખ કે દુઃખ? આ બધાં સંજોગોને જે સામી છાતીએ ઝીલે અને તોય હસતુ મો રાખી 'આઈ એમ O.K.' કહે તેવા આજના જમાનાનાં 'સુપરમેન'ની કથાઓ દર્શકોને મનોમંથન કરતા કરી દીધાં. મોંઘવારીના દાનવને નાથવા આપણે સજ્જ છે એનું શક્તિ પ્રદર્શન એટલે આજનો આપણો આ ઉત્સવ!

શ્રી બંકિમ પરીખ અને બીજલ અનીશ ગાંધી દ્વારા આજના મુખ્ય સમારંભનું સુત્ર સંચાલન આરંભ થયું. મંડળના સહમંત્રી શ્રી શરદભાઈ દેસાઈએ સૌને આવકાર આપ્યો. ત્યારબાદ મંત્રી શ્રી કિરીટભાઈ કડકીઆ (મલમ)એ મંડળનો ટુંકો ઈતિહાસ અને આજ

પર્યંતની સહાય વિતરણ અને દાતાઓના પ્રદાન તેમજ ભંડોળનો ચિતાર આપ્યો. સમાપન કરતાં તેમણે વિદ્યાર્થીઓને આહવાન કર્યું કે 'અમે તો તમારા જરૂરિયાત સમયના મિત્રો છીએ, મિત્રભાવે અમારી પાસે આવો, દાતાઓની કૃપાથી અમે તમારી જરૂરિયાતમાં મૈત્રીનો હાથ લંબાવશું.'

ચાર આગવી યોજનાનાં ચાર વિશિષ્ટ દાતા પરિવાર સહિત કુલ ૪૦ દાતાઓ તરફથી મંડળ અને ટ્રસ્ટને દાન/દાનવચન મળ્યા છે. જેમાંથી કુલ ૨૮ દાતાઓ એ સન્માન સ્વીકારવાની સંમતિ દર્શાવી હતી. એ સર્વે દાતાનાં પ્રતિનીધીનું મંડળના પ્રમુખ શ્રી રસિકભાઈ લાકડાવાલા દ્વારા સ્મૃતિ ચિન્હ, ઉપપ્રમુખોશ્રી સતીશભાઈ પરીખ (રોકડીઆ) અને શ્રી આસિત ર. દેસાઈ દ્વારા શાલ અને અન્ય મંચસ્થ હોદેદારો દ્વારા 'પ્રશસ્તિ પત્ર' આપી બિરદાવવામાં આવ્યા.

લાંબો પ્રવાસ ખેડી સ્વદેશ પરત ફરેલ મુખ્ય મહેમાન શ્રી નટવરભાઈ પરીખે, ગણતરીના કલાકોમાંજ સમયસર હાજર થઈ મંડળ અને સમાજ પ્રત્યેની તેમની સંનિષ્ઠતાનો પરિચય આપ્યો. તો તન, મન, ધન થી મંડળની કાર્યવાહી સાથે દીર્ઘકાળથી સંકળાયેલ મુખ્ય મહેમાનનું શ્રી પ્રવિણભાઈ દેસાઈએ પોતાની આગવી શૈલીમાં વ્યક્તિત્વ દર્શન કરાવ્યું અને તેમની સમાજોપયોગી સેવાની સરાહના કરી. મંડળના પ્રમુખ શ્રી રસિકભાઈએ શાલ ઓઢાડી શ્રી નટવરભાઈનું અભિવાદન કર્યું, અને આભાર-પત્ર દ્વારા લાગણીને વાચા આપી.

શ્રી નટવરભાઈએ તેમનાં ઉદબોધન દ્વારા મંડળ સાથેનાં તેમનાં અનુભવો અને મંડળની કાર્યશૈલીનો ચિતાર આપ્યો. મંડળની પ્રવૃત્તિની સરાહના કરી.

મંડળના પ્રમુખશ્રી રસિકભાઈ લાકડાવાળા એ તેમનાં વકતવ્યમાં 'વાડાસિનોર સમાજનાં દાતાઓની મુક્તકંઠે પ્રસંશા કરી, સમાજમાંના જરૂરિયાતમંદોની દરેકવિધ પ્રાસંગિક આર્થિક સમસ્યાને પહોંચી વળવાનો આપણો સુચારુ વ્યવસ્થાને ગૌરવ પ્રદ ગણાવી. છેલ્લા ૧૦ વર્ષમાં લગભગ રૂા. ૯૦ લાખ જેવી શૈક્ષણિક સહાય મંડળ વતી અપાઈ છે. અને વધતી મોંઘવારીમાં આ સહાય અનેક ગણી વધશે, આજ સુધી દાતાઓ એ આમાર્ગને અનુરૂપ પ્રતિસાદ આપ્યો જ છે અને આગળ પણ મળતો જ રહેશે. અને બાકીની ૩ વિશિષ્ટ યોજનાઓને પણ ઝડપથી દાતાઓ મળી રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો. સહાય લેનાર આજના વિદ્યાર્થીઓને સુચક ટકોર કરતાં કહયું કે આવતી પેઢીના વિદ્યાર્થીઓને પણ સહાયનો લાભ અવિરત મળતો રહે માટે તેમણે પણ આવતી કાલના દાતા બની મંડળની પ્રવૃત્તિને બળવત્તર બનાવવા આગળ આવવું જ રહયું. અંતે કાર્યકર્તાઓની મહેનતને પણ બિરદાવી, સમાપન કર્યું. શ્રી શરદભાઈ દ્વારા આભાર વિધિ બાદ હાજર સર્વેને પ્રસંગની યાદગીરી રૂપે ભેટ આપી સમારંભનું સમાપન કરાયું.

સ્વયંસેવક તરીકે સેવા આપી શ્રી કીર્તિભાઈ કડકીઆ (લટકારી), શ્રીમતી અને શ્રી સૌમિલ મોદી, શ્રી ભાવેશ મોદી, શ્રી સમીર ગાંધી, શ્રી અમીત પારેખ, શ્રીમતી લીના ધારિઆ એ સુંદર સહકાર આપ્યો. શ્રી બંકિમ પરીખ અને બીજલ ગાંધીએ સુરેખ સંચાલન કર્યું. સમારંભનું સુગઠિત, વ્યવસ્થિત અને સફળ આયોજનનું શ્રેય શ્રી મંજુલ ધારીઆ, શ્રી જસ્મીન શેઠ અને શ્રી ચેતન કાં.મોદી (બંગડી)ની અથાક મહેનત અને સંનિષ્ઠ પ્રયાસોને આભારી છે.

*- કિરીટ રમણલાલ કડકીઆ (મલમ)*

*- શરદ નટવરલાલ દેસાઈ માનદ્ મંત્રીઓ*

# વાડાસિનોર પ્રગતિ સમાજ

# કો.ઓ.ક્રેકીટ સોસાયટી લી.

## ૨૪મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

ઉપરોક્ત સોસાયટીની ૨૪મી વાર્ષિક સામાન્ય સભા તા. ૮-૬-૧૦ના રોજ સાંજે ૭.૩૦ કલાકે સમાજના પ્રમુખ શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.)ના પ્રમુખ સ્થાને તેજપાલ ઓડીટોરીયમ ખાતે મળી હતી. જેમાં ૩૯૭ સભાસદો હાજર રહ્યા હતા.

મંત્રી શ્રી ઉસનસભાઈ નવીનચંદ્ર કચેરીઆએ ગત ૨૩મીની વાર્ષિક સભાની કાર્ય નોંધનું વાંચન કર્યું હતું. જેને ઠરાવ દ્વારા સર્વાનુમતે પસાર થયેથી મંજુર કરવામાં આવી હતી.

ચેરમેન શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈએ ૩૧-૩-૧૦ સુધીના સમાજની કાર્યવાહક સમિતિનો અહેવાલ રજુ કર્યો હતો.

ખજાનચી શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખે તા. ૩૧-૩-૯ સુધીના સ્ટેટયુટોરી ઓડીટ રીર્પોટ, બેલેન્સ સીટ, આવક-જાવક તથા રેકટીફીકેશન રીર્પોટ અંગેની રજુઆત કરી હતી. જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમત્તે ઠરાવ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.

ખજાનચી શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખે તા. ૩૧-૩-૧૦ સુધીના ઈન્ટરનલ ઓડીટ-રીપોર્ટ, બેલેન્સ સીટ, આવક-જાવક અંગેની રજુઆત કરી હતી. જેને ચર્ચા વિચારણા બાદ સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ખજાનચી શ્રી પ્રફુલભાઈ સી. શાહ તા. ૩૧-૩-૧૦ સુધીના નફાની વહેંચણીની વિગતો આપી હતી. અને ૧૫ ટકા ડીવીડન્ડની ભલામણ કરી હતી, જેને ઠરાવદ્વારા સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી હતી.

વાઈસ ચેરમેન શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી) એ વર્ષ ૨૦૧૦-૧૧ માટે ઈન્ટરનલ ઓડીટર તરીકે શ્રી પ્રકાશભાઈ દોશીની નિમણુંક કરવાનો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો. જેમાં એમનું મહેનતાણું નક્કિ કરવાની સત્તા કારોબારીને આપવામાં આવી હતી.

મંત્રી શ્રી ઉસનસભાઈ નવીનચંદ્ર કચેરીઆએ વર્ષ દરમ્યાન થયેલા શેર ટ્રાન્સફરની વિગતો રજૂ કરી હતી. જેને ઠરાવ દ્વારા સર્વાનુમત્તે મંજુરી આપવામાં આવી હતી.

વાઈસ. ચેરમેન શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી) એ વર્ષ ૨૦૧૦-૧૧ માટે શ્રી જસવંતલાલ કોદરલાલ પરીખ (વકીલ અને નોટરી)ની માનદ કાનુની સલાહકારની નિમણુંકનો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો. જેને સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો હતો.

ખજાનચી શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખે વર્ષ ૨૦૧૦-૧૧નું અંદાજીત બજેટ રજુ કર્યું હતુ. જે ઠરાવ દ્વારા સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રી ઉસનસભાઈ નવીનચંદ્ર કચેરીઆએ વર્ષ ૨૦૦૯-૧૦ માટે સોસાયટીના કર્મચારીઓએ દર વર્ષની પ્રણાલિકા મુજબ એક માસનું વધારાનું (અર્ન વેજીસ) બોનસ આપવાનો ઠરાવ વાંચી સંભળાવ્યો હતો જેને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

આ વર્ષ ચુંટણીનું વર્ષ હોવાથી અને જુના બધાજ સભ્યો, પ્રેસીડન્ટ સાથે ફારેગ થતા હોવાથી નોમીનેશન ફોર્મ મંગાવવામાં આવ્યા હતા. ચુંટણી કમીશનર શ્રી

નીતીનભાઈ પ્રવિણચંદ્ર ગાંધીએ ચુંટણી નહિ હોવાની જાહેરાત કરી હતી. અને જણાવ્યું હતું કે પ્રેસીડન્ટની ખાલી પડતી જગ્યા માટે કોઈ નોમીનેશન ફોર્મ આવ્યું ન હોવાથી વાર્ષિક સામાન્ય સભામાંથી પ્રેસીડન્ટની નિમણુંક કરવી, એવું સુચન બંધારણ મૂજબ કર્યું હતું.

વાર્ષિક સામાન્ય સભામાંથી પ્રેસીડન્ટ શ્રી યોગેશભાઈ રમણિકલાલ ધારીયાના નામની રજુઆત શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા) એ કરી હતી. કે જેનું અનુમોદન શ્રી રસિકલાલ સાકરલાલ મોદી (દેવ) એ કર્યું હતું. અને આગામી ૨૦૧૦- થી ૨૦૧૫ વર્ષના પ્રેસીડન્ટ તરિકે શ્રી યોગેશભાઈ રમણિકલાલ ધારીયાની નીમણુંક થઈ. ત્યારબાદ યોગેશભાઈએ વાર્ષિક સામાન્ય સભાએ તેઓની ઉપર મુકેલ વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કરી સભ્યો પાસે સાથ અને સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

ચુંટણી કમીશનર શ્રી નીતીનભાઈ પ્રવિણચંદ્ર ગાંધીએ કુલ ૧૨ સભ્યો અને ૫ અનામત સભ્યોમાંથી ૯ કારોબારી સભ્યો તથા એક અનામત સભ્ય ચુંટાયેલ જાહેર કરવામાં આવ્યા. ૩ કારોબારી સભ્યો અને ૪ અનામત સભ્યોની નિમણુંક કરવા નવી ચુટાયેલી કારોબારીના સભ્યોને બંધારણ મુજબ કરવાનું સુચન કર્યું હતું.

મીટીંગમાં ચુંટાયેલા સભ્યોના નામ જાહેર કરવામાં આવ્યા હતા, કે જે નીચે પ્રમાણે છે.

શ્રી યોગેશભાઈ રમણિકલાલ ધારીયા - પ્રમુખ
૧) શ્રી કિર્તીકુમાર નટવરલાલ દેસાઈ - સભ્ય
૨) શ્રી બીપીનભાઈ કિર્તનલાલ દોશી - સભ્ય
૩) શ્રી કૌશિકભાઈ કાન્તીલાલ કડકીઆ - સભ્ય
૪) શ્રીમતી સોહીનીબેન યોગેશભાઈ કડકીઆ- સભ્ય
૫) શ્રી પરેશભાઈ વીનુભાઈ મહેતા - સભ્ય
૬)શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખ - સભ્ય
૭) શ્રી ગોપાલદાસ મગનલાલ શાહ - સભ્ય
૮) શ્રી પ્રફુલભાઈ ચીમનલાલ શાહ - સભ્ય
૯) શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ - સભ્ય
૧૦) શ્રી કાનજીભાઈ નારન રાઠોડ (અનામત)

ખજાનચી શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખ એ આપણા પ્રેસીડન્ટ શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.), ચેરમેન શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી), વાઈસ ચેરમેન શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી), અને મંત્રી શ્રી પ્રવિણચંદ્ર પૂનમચંદ કડકીઆ (P.P.) રીટાયર્ડ થતા હોવાથી તેમની સેવાની કદરરૂપે બહુમાન શાલ તથા પુષ્પગુચ્છોથી કરવાનું કહયું.

શ્રી બંકીમભાઈ રજનીકાન્ત પરીખે રીટાયર્ડ થતા ઉપરોક્ત વ્યક્તિઓનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો.

પ્રેસીડન્ટ શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.) નું બહુમાન શ્રી રસિકલાલ સાંકરલાલ મોદી (દેવ)ના હસ્તે શાલ તથા પુષ્પગુચ્છો દ્વારા કરવામાં આવ્યું હતું.

ચેરમેન શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી)નું બહુમાન શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા)ના હસ્તે શાલ અને પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું.

વાઈસ ચેરમેન શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી)નું બહુમાન શ્રી મોહનભાઈ ચુનીલાલ પરીખ (લાય)ના હસ્તે શાલ અને પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી પ્રવિણચંદ્ર પૂનમચંદ કડકીઆ (P.P.)નું બહુમાન શ્રી નગીનદાસ લાલચંદ પારેખના હસ્તે સાલ અને પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું.

મંત્રી શ્રી ઉસનસભાઈ નવીનચંદ્ર કચેરીઆનું પુષ્પગુચ્છથી શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી) દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત શ્રીમતી માધુરીબેન કુંજબિહારી ધારીયાનું પુષ્પગુચ્છથી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.) દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

શ્રી નિતીનભાઈ પ્રવિણચંદ્ર ગાંધીનું પુષ્પગુચ્છથી શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

બહુમાનના પ્રત્યુત્તર રૂપે શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆએ (R.R.) શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ, શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી), શ્રી પ્રવિણચંદ્ર પૂનમચંદ કડકીઆ, મંતવ્ય વ્યક્ત કર્યું હતું. અને તેઓશ્રીનું બહુમાન કર્યા બદલ સૌ સભ્યોનો આભાર માન્યો હતો.

ત્યારબાદ વર્ષ દરમ્યાન અવસાન પામેલા સભ્યો માટે મૌન પાળવામાં આવ્યું હતું.

પ્રમુખ શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.) ચેરમેન શ્રી પ્રવિણચંદ્ર ઓચ્છવલાલ દેસાઈ (દેડકી) તથા મંત્રીશ્રી પ્રવિણચંદ્ર પૂનમચંદ કડકીઆ (P.P.) તરફથી મીટીંગમાં હાજર રહેલા સૌ સભ્યોને સુંદર ગીફ્ટ આપવામાં આવી હતી.

અંતમાં શ્રી રસિકલાલ રમણલાલ કડકીઆ (R.R.)એ સભાના કામકાજમાં સહુનો સહકાર આપવા બદલ આભાર વ્યક્ત કરી સભા બરખાસ્ત કરી હતી.

**લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો. ઓ. ક્રેડીટ સો. લીમીટેડ**

૨૦૧૦-૨૦૧૫ કારોબારીની પહેલી મીટીંગ શ્રી યોગેશભાઈ રમણિકલાલ ધારીઆના પ્રમુખ સ્થાને તા. ૯-૬-૨૦૧૦ના રોજ તેજપાલ ખાતે મળી હતી. તેમાં ૩ કારોબારીની ખાલી રહેલ સભ્યોની નીમણુંક કરવામાં આવી હતી. તેમના નામ નીચે મૂજબ છે.

૧) શ્રી કાર્તિકભાઈ રસિકલાલ કડકીઆ
૨) શ્રી મંજુલભાઈ શૈલેષભાઈ ધારીઆ
૩) શ્રી શિરીષભાઈ નટવરલાલ શાહ

સર્વાનુમત્તે ઠરાવ દ્વારા પાસ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કારોબારીમાં નીચે મૂજબ ઓફીસ બેરર્સની નિમણુંક કરી હતી.

૧) શ્રી મયુરભાઈ ચીમનલાલ પરીખ - ચેરમેન
૨) શ્રી પ્રફુલભાઈ ચીમનલાલ શાહ - વાઈસ ચેરમેન
૩) શ્રી કૌશિકભાઈ કાન્તીલાલ કડકીઆ - ઓ. મંત્રી
૪) શ્રી મંજુલભાઈ શૈલેષભાઈ ધારીઆ - ઓ. મંત્રી
૫) શ્રી કાર્તિકભાઈ રસીકલાલ કડકીઆ - ઓ. ખજાનચી
૬) શ્રી પરેશભાઈ વીનુભાઈ મહેતા - ઓ. ખજાનચી

લોન કમીટીના સંયોજક તરીકે શ્રી કૌશિકભાઈ કાન્તીલાલ કડકીઆની નિમણુંક કરવામાં આવી હતી.

***લી. વાડાસિનોર પ્રગતિ સમાજ કો. ઓ. ક્રેડીટ સો. લીમીટેડ***
***(કારોબારી સમિતિ વતી)***

## સુધારો

ગયા અંકમાં "**૧૩ થી ૧૮ વર્ષની વ્યક્તિ માટે Adolescence......... Teenager..... Growing Mind........અપરીપકવ જુવાન વ્યક્તિ માટે.....**" ના લેખ માં લેખકનું નામ ડૉ. **નિકુંજ કે. પરીખ અને મીતા એન. પરીખ (યુ.એસ.એ.)** એમ વાંચવું.

# કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ

## શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ

## -: ડાયાબિટીસ નિદાન કેમ્પ :-

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૩.૬.૧૦ના રોજ શ્રીમતી કુસુમબેન રસીકલાલ અને રસીકલાલ મણીલાલ લાકડાવાળા ચેરીટેબલ ટ્રસ્ટ ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજવામાં આવેલ. જેમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ ગાંધી તથા તેઓશ્રીના ડૉકટરોની ટીમ સાથે આવેલા. આ કેમ્પમાં કુલ ૧૮૫ દર્દીઓ નોંધાયેલા. તે પૈકી ૧૭૬ દર્દીઓના પેથોલોજી ટેસ્ટ, ૩૧ ઈ.સી.જી. તથા ૧૫૯ દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં કુલ રૂા. ૩૫૧૨૦/- ની માફી કરવામાં આવેલ.

હવે આગામી ડાયાબીટીસ નિદાન કેમ્પ તા. ૧૦.૧૦.૨૦૧૦ના રોજ યોજવામાં આવશે.

## કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પ

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૩.૬.૧૦ના રોજ કમળાબેન અને મણીલાલ સી. મોદી (ચેપ) એન્ડોસ્કોપી નિદાન કેમ્પ યોજવામાં આવેલ. જેમાં વડોદરાના નિષ્ણાંત ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ ડૉ.ચિરાયુ એમ. ચોકસીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં કુલ ૩૫ દર્દીઓ નોંધાયેલા અને તે પૈકી જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

હવે આગામી એન્ડોસ્કોપી નિદાન કેમ્પ તા. ૧૦.૧૦.૨૦૧૦ના રોજ યોજવામાં આવશે.

## તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વ રોગ નિદાન કેમ્પ

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૩.૬.૧૦ના રોજ તરૂલતા મોદી (દેવ) ચેરીટેબલ ટ્રસ્ટ સર્વરોગ નિદાન કેમ્પ આણંદના અશ્વિની મેડીકલ સેન્ટરના ડૉ. ગીરીશ મિશ્રા, ડૉ. તરૂણ શર્મા તથા ડૉ. જયેશ ભટ્ટ દ્વારા યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૬૨ દર્દીઓ નોંધાયેલા અને તપાસેલા તે પૈકી જરૂરિયાતવાળા દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

હવે આગામી સર્વરોગ નિદાન કેમ્પ તા. ૧૦.૧૦.૨૦૧૦ના રોજ યોજવામાં આવશે.

ઉપરના ત્રણેય કેમ્પમાં મંત્રીશ્રીઓ શ્રી ધીરૂભાઈ શેઠ અને રાજેન્દ્રભાઈ દેસાઈ તેમજ કારોબારી સભ્યોશ્રી નિતીનભાઈ જે. પરીખ (બખલી), શ્રી નિતીનભાઈ ગાંધી, શ્રી પરેશભાઈ પરીખ તથા શ્રી રાજુભાઈ પરીખે ખાસ આ કેમ્પમાં હાજરી આપી હતી. તેમજ આ કેમ્પમાં સ્થાનિક મંત્રી શ્રી રજનીભાઈ ઓ. શાહ તથા સભ્યોશ્રી વિપીનભાઈ ઓ. મોદી, શ્રી રાવજીભાઈ પટેલ, શ્રી કૌશિકભાઈ શાહ,ક શ્રી મયંકકુમાર ચોકસી, શ્રી ભરતકુમાર ધારીઆ તથા શ્રી હાજી અબ્દુલ મુનાફભાઈ શેખ હાજર રહેલા.

## શ્રીમતી કોકીલાબેન વંસતભાઈ પરીખ (કુવાવાળા) માનસિક રોગોનો નિદાન કેમ્પ :-

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧૩.૬.૧૦ના રોજ શ્રીમતી કોકીલાબેન વસંતભાઈ પરીખ (કુવાવાળા)

માનસિક રોગોનો નિદાન કેમ્પ માનસિક રોગોના નિષ્ણાંત આણંદના ડૉ. અમિતભાઈ શાહ દ્વારા યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૫૯ દર્દીઓ નોંધાયેલા અને તપાસેલા તે પૈકી જરૂરીયાતવાળા દર્દીઓને દસ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ.

## 'ગીરીપૂજા' કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) કેન્સર નિદાન કેમ્પ :

કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૨૦.૬.૧૦ના રોજ 'ગીરીપૂજા' કોકીલાબેન પ્રવિણચંદ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) કેન્સર નિદાન કેમ્પ અમદાવાદના કેન્સર સર્જન ડૉક્ટર મહેશ પટેલ તેમજ અમદાવાદના ઈ.એન.ટી. કેન્સર સર્જન ડૉ. દર્શન દોશીએ સેવાઓ આપેલ. આ કેમ્પમાં ૨૩ દર્દીઓના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા હતા. જે પૈકી ૧૮ દર્દીઓનું નિદાન કરવામાં આવેલ. જરૂરિયાતવાળા તમામ દર્દીઓને ૧૦ દિવસની દવાઓ ફ્રી આપવામાં આવેલ તથા બે દર્દીઓને ઓપરેશનની જરૂરિયાત હોઈ આપણી હોસ્પિટલમાં ઓપરેશન કરી આપવામાં આવશે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલા દાન

શ્રીમતી મંજુલાબેન રજનીકાન્ત શાહ (નગરશેઠ) ઈનડોર વિભાગ ના નામકરણ માટે શ્રી જયેશકુમાર રજનીકાન્ત શાહ (નગરશેઠ) તરફથી તેમની સુપુત્રી સુકૃતીના લગ્ન પ્રસંગે રૂા. ૧૧,૧૧,૧૧૧.૦૦નું માતબર દાન મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખુબ ખુબ આભાર માને છે.

## કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલા ઓપરેશન મિતિ

શ્રીમતી ચંદનબેન મોહનલાલ પરીખ (વકીલ) હસ્તે : કાશ્મીરા બાબુલાલ પરીખ

***મંત્રીશ્રીઓ - શ્રી ધીરૂભાઈ શેઠ - શ્રી રાજેન્દ્ર દેસાઈ***

## આંતરીક રમત-ગમત

આ વખતે બાલાસિનોર નવયુવક સંઘ હીરક જયંતીમાં પ્રવેશીને ૬૧માં વર્ષમાં પ્રયાણ કરી રહ્યું છે. તેથી આ વર્ષ નવી આંતરિક રમત ગમત કેરમ, બેડમીંગ્ટન અને ટેબલ ટેનીસની સાથે સાથે સ્વીમીંગ તથા Treasurehunt સ્પર્ધા રાખવાનો વિચાર છે. તેના માટે પૂરતા ફોર્મ આવવા જરૂરી છે.

બીજુ પરાં વિભાગમાં પણ સ્પર્ધા યોજવાનો વિચાર છે. તેના માટે પૂરતા ફોર્મ આવશો તો રાખીશું.

આ પ્રોગ્રામ સપ્ટેમ્બર કે ઓક્ટોબર મહિનામાં રવિવાર અને શનિવારે રાખવામાં આવશે.

આના વિષે આપના સુચનો આવકાર્ય છે. વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

**કન્વીનર : અજીત નટવરલાલ મોદી** - મો. : ૯૮૬૯૦૨૯૪૮૬ - (ઘર) : ૨૮૬૯૧૧૮૫

**મંત્રી : મંજુલ ધારીયા**

# સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની બીજી બેઠક તા. ૨૮.૬.૧૦ના રોજ સોમવારે ૩.૧૫ કલાકે પ્રમુખ સ્થાને શ્રી કલ્પેશ ધારીઆના નેજા હેઠળ શ્રી મોહનલાલ સાકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ બાલાસિનોર નવયુવક સંઘ કાર્યાલય ખાતે મળી હતી.

તેમાં નીચે મુજબના મુદ્દા હાથ ધરાયા હતા.

૧) સંઘના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ પહેલી બેઠકનું કાર્યનોંધ વાંચન કર્યું હતું. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

૨) સંઘના મહિલા વિભાગના સંયોજક શ્રીમતી નીલમબેન પરીખે એમનો બીજા પ્રોગ્રામનો હિસાબ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

૩) સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆ દ્વારા વિવિધ સમિતિના પેટા સભ્યોના નામની રજુઆત કરવામાં આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

૪) રૂા. ૧,૦૦,૦૦૦/- નું માતબર દાન શ્રીમતી કલાબેન રમણલાલ ધારીઆ (શહેરાવાળા) ના હસ્તે નીતા પ્રકાશ ધારીઆ (શહેરાવાળા) તેમના પૌત્ર શ્રી અંકિતના લગ્ન પ્રસંગે પ્રાપ્ત થયેલા છે. સંસ્થા તેમનો તથા તેમના પરિવારજનોનો આભાર માને છે.

૫) બંધારણના સુધારા કરવા માટે કારોબારી સમક્ષ મુકવામાં આવ્યું હતું. તેની આગળની કાર્યવાહી કરવાની સભા હોદ્દેદારોને આપવામાં આવી હતી.

૬) ૬ નવી આજીવન સભ્યની અરજી આવી હતી તથા ૬ લીવની અરજી આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ત્રીજી બેઠક તા. ૨.૭.૨૦૧૦ નારોજ શુક્રવારે ૭..૧૫ કલાકે પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆના નેજા હેઠળ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર ચીમનલાલ શાહ (કલકત્તાવાળા) (પ્રગતી સમાજ ઓફીસ) ખાતે મળી હતી.

૧) સંઘના સહમંત્રી શ્રી ભાવેશ મોદીએ બીજી બેઠકનું કાર્યનોંધનું વાંચન કર્યું હતું તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

૨) ગત વર્ષે વાર્ષિક સામાન્ય સભામાં આવેલ વડિલોના સુચનોને માન આપી હીરક જયંતિ વર્ષ ઉજવવાની રજુઆત કરી હતી તે કારોબારી એ સર્વાનુમતે પસાર કરી હતી. સંસ્થાના પ્રમુખશ્રી કલ્પેશ ધારીઆ (બલબલ)એ હીરક જયંતિ વર્ષ ના કાર્યક્રમના ચેરમેન તથા સોવિનીયનર સમિતિના સંયોજક તરીકે શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી)ની નીમણુંક કરી હતી. શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ (ટ્રસ્ટી)ને ભંડોળ સમિતિના સંયોજક તથા શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાળા) (ટ્રસ્ટી)ને પ્રોગ્રામ સમિતિના સંયોજક તરીકે નિમણુંક કરવામાં આવી હતી.

૩) હિરક જયંતિ વર્ષના પ્રથમ પ્રોગ્રામ રૂપે BPL ટુર્નામેન્ટ કરવાનું આયોજન કરવાનું નક્કી કર્યું હતું. તેના સંયોજક તરીકે શ્રી કિંજલ

પંકજ પરીખ (બખલી)ની નિમણુંક કરવામાં આવી હતી.

સંયોજકના સુચનો પર વિચારણા કરી તે પસાર કરાયા હતા. તેમને તેમની પેટા સમિતિના નામોની રજુઆત કરી હતી તેના સુચનો મુજબ શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાલા) (ટ્રસ્ટી) ને BPL ટુર્નામેન્ટના કો-ઓરડીનેટર તરીકે નીમણુંક કરવામાં આવી હતી.

૪) શ્રી નટવરલાલ લલ્લુભાઈ કડકીઆ (ધંગેલા) હસ્તે શ્રી મીતુલ શૈલેષ ધારીઆ તરફથી રૂા. ૨૫૦૦/- નાં ન્યાસફંડમાં વધારો થયો છે. સંસ્થા તેમનો તથા તેમના પરિવારજનોનો આભાર માને છે.

પ્રમુખશ્રીએ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**સહમંત્રી - શ્રી ભાવેશ બીપીન મોદી**

**મંત્રી - શ્રી મંજુલ શૈલેષ ધારીઅ**

## પ્રોસ્ટેટ કેન્સર ડીટેકશન કેમ્પ

શ્રી વાડાસિનોર નવયુવક મંડળ મેડિકલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કેમ્પમાં જે વડિલોએ પોતાના નામ હજી ન નોંધાવ્યા હોય તેઓને વિનંતી કે વહેલી તકે મેડિકલ સેન્ટરમાં અથવા પ્રગતિ સમાજની ઓફિસે પોતાના નામ નોંધાવી દે. ફોર્મ ત્યાંથી મળી શકશે.

ખાસ કરીને ૬૦ વર્ષથી વધુ ઉંમરના વડીલો માટે આ તપાસ અત્યંત આવશ્યક છે. જેથી આવનાર અસાધ્ય બિમારીથી બચી શકાય.

વધુ વિગત માટે સંપર્ક સાધો.

**કિન્નરી સેવક - ફોનઃ ૯૮૨૧૬૮૯૬૫૯**

## શુભ લગ્નોની યાદી

૧. **રુકસીત** હેતન કડકીઆ
**સ્ફૂતી** જયેશ રજનીકાંત શાહ (નગરશેઠ)

૨. **અનુજ** પ્રવીણચંદ્ર લલ્લુભાઈ કચેરીયા
**કાજલ** હસમુખભાઈ મલકન

૩. **પિન્કી** વસંતભાઈ કાંતીલાલ કડકીઆ (હાલોલવાળા)
**અમીત** ગોવિંદભાઈ છબીલદાસ કડકીઆ

૪. **ખુશાલી** અસીત રમેશચંદ્ર દેસાઈ (મેનપુરાવાળા)
**પંકીત** રમેશભાઈ પટેલ

૫. **રિકીન** કિરણ દેસાઈ
**સ્વીટી** મહેન્દ્ર પરીખ

૬. **અંકીત** પરેશ રસીકલાલ પરીખ (દુધવાળા)
**કીન્નરી** ભુપેન્દ્રભાઈ સંઘવી

## પ્રફુલ્લિતતા

સદા ખુશમિજાજમાં રહો મુસ્કુરાતા રહો
ખુશીનો ખજાનો લુંટાવતા રહો
ગાતા ગાતા ગુણગાન ગાતા રહો
પ્રભુના પ્યારા મિલનને મનાવતા રહો
જે થયું તે સારૂ જ થયું, ભય શા કામનો ?
જે થયું તે સુંદર થયું ઉચાટ શા કામનો ?
સર્વ કાર્યમાં સૌનું કલ્યાણ થાઓ
હર સમય આનંદને માણતા રહો
ગમ્યું અણગમ્યું તેથી શું થઈ ગયું ?
ખૂશીને ભૂલી ગયા સર્વ ખોવાઈ ગયું ?
ખુશી જેવી કોઈ દૌલત નથી
આવું અમૃત સૌને પિવડાવતા રહો.
સાચી ખુશી છે પ્રભુની યાદમાં
પળેપળમાં છે છબી મારા અંતરમાં
હસતા રમતા જીવન માણતા રહો
પ્રભુના ગુણગાતા રિઝતા રહો

**-ઈંદુબેન રોહિત દેસાઈ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

સહર્ષ જણાવવાનું કે હાલમાં નીચે મુજબ ન્યાસફંડ માટે દાનવચન પ્રાપ્ત થયા છે.

૧- શ્રીમતી તારાબેન નટવરલાલ દેસાઈ તરફથી
શ્રી નટવરલાલ સાંકરલાલ દેસાઈ ન્યાસફંડ
રૂા. ૧,૦૦,૦૦૦/-

૨- શ્રી અતુલ બાબુલાલ મહેતા તરફથી
શ્રી બાબુલાલ ભીખાલાલ મહેતા
(K.B.Mehts & Bros કલકતા) ન્યાસફંડ ...
રૂા. ૫૧,૦૦૦/-

ઉપરોક્ત બન્ને વચ્ચે દાતાઓનાં સન્માન સમારંભ પ્રસંગે પ્રસંગથી પ્રેરાઈને મળ્યા હતા.

### અનુકરણીય કદમ

મંડળ તરફથી સહાય મેળવી ભારતમાં અને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી પગભર થતાંજ

શ્રી સ્મિત અશોક દિનકરલાલ શાહ તરફથી રૂા. ૫૦,૦૦૦નું પ્રદાન વિદ્યોતેજક મંડળને મળ્યું છે. કાલના સહાયર્થી આજે દાતા બને એ અનુકરણીય પગલું છે. વધુને વધુ સહાયર્થીઓ સફળ થઈ સમાજની ઋણ અદાયગી કરી, સમાજને વધુ બળવત્તર બનાવે એવી આશા, અને ભાઈ સ્મિતને અભિનંદન

### શ્રી વાડાસીનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

### સુધારો

ગયા અંકમાં શૈક્ષણિક સહાય અંગેના અરજીપત્રક મેળવવા અંગે જરૂરી માર્ગદર્શન અને પારિતોષિક યોજના ની જાહેરાત માં જ્યાં જ્યાં ચાલુ વર્ષ ૨૦૦૯-૧૦ લખ્યું છે તે ૨૦૧૦-૧૧ એમ વાંચવું. તેમજ અરજીપત્રક પાછા આપવાની તારીખ અનુક્રમે ૨૫-૭-૧૦ અને ૨૦-૮-૧૦ વાંચવી

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. **Kadakia Khushal Shailesh**
S-3, Shivaji Residency
# 22, Rustom Bagh Road
Behind Muncipal Hospital
Banglore - 560017
Ph. : 09243455900
080 40941960
**Prie Water House Loopers Pvt. Ltd.**
1st Floor, Tower -D,
The Millenia, Mutphy Road
Banglore
Off No. : 080 - 40796007

૨. **હેમંત નટવરલાલ દેસાઈ**
વૈશાલી એપાર્ટમેન્ટ, ફલેટ નં.-૬૦૧
૬ ઠ્ઠે માળે, વૈશાલી બસ સ્ટોપની પાછળ
એમ.જી. રોડ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦૦૬૭
મોબાઈલ : ૯૩૨૪૦૮૭૩૯૫

૨. **પ્રદીપ શાંતીલાલ મોદી - ઉર્વશી પ્રદીપ મોદી**
સી-૨/૧૫૦૪, ફલેમીનગો, નિલકંઠ ગ્રીન,
મુલ્લા બાગ, ટીકુજીની વાડી નજીક,
માનપાડા, થાણા (વેસ્ટ) - ૪૦૦૬૦૭
ફોન : ૯૩૨૦૦૦૯૭૮૭ / ૯૩૨૧૧૧૯૭૮૭

## નવા ટેલીફોન નંબર

૧. ખુશાલ શૈલેષ કડકીઆ
મોબાઈલ : ૦૯૨૪૩૪૫૫૯૦૦
૦૮૦૪૦૯૪૧૯૬૦

૨. હીમ્મી ખુશાલ કડકીઆ
મોબાઈલ : ૯૨૪૩૫૫૫૯૦૦

૩. માયા શૈલેશ કડકીઆ
મોબાઈલ : ૮૯૫૧૮૩૨૨૯૦

૪. હેમાં ખુશાલ કડકીઆ
મોબાઈલ : ૯૨૪૩૫૫૫૯૦૦

૫. રમેશ શાંતિલાલ શાહ (ખડગોધરાવાળા)
ફોન : ૨૩૮૭૯૪૯૧

૬. ગીતા રમેશ શાહ (ખડગોધરાવાળા)
મોબાઈલ : ૯૯૩૦૮૧૨૭૭૪

## તેજસ્વી તારલા

- **જાન્વી રવીતેજ કાપડીયા** 92.33 % માર્કસ સાથે H.Sc. Commerce માં ઉત્તીર્ણ થયા છે. અને HR. College માં ફસ્ટ આવેલ છે. મહારાષ્ટ્ર રાજ્યમાં પહેલા ૧૦ માં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

- **નીલ નિખિલ પરીખ** H.Sc. ની પરીક્ષામાં 89% ટકા સાથે ઉર્ત્તીણ થયા છે.

- **પાર્થ રાજેશ કડકીઆ** H.Sc. ની પરીક્ષામાં 81% ટકા સાથે ઉર્ત્તીણ થયા છે.

- **શિવાની અમરીશ ધારીઆ** H.Sc. ની પરીક્ષામાં 81% ટકા સાથે ઉર્ત્તીણ થયા છે.

- **તન્વી નીશીથ ગાંધી** S.S.C. (ICSE) ની પરીક્ષામાં 86% ટકા સાથે ઉર્ત્તીણ થયા છે.

સંસ્થાવતી ઉપરોક્ત સર્વે વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને અભિનંદન.

## સભ્યના અવસાનબાદ જ્યોતિપુંજ

શ્રી બાલાસિનોર નવયુવક સંઘના આજીવન સભ્યને જયોતિપુંજ ફ્રી મોકલવામાં આવે છે. સભ્યના અવસાન બાદ જો એ વ્યક્તિના કુટુંબમાં અન્ય વ્યક્તિ આજીવન સભ્ય હોય તો તેઓએ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં જણાવવાનું રહેશે જેથી મરનાર સભ્યનું બંધ થયેલ જ્યોતિપુંજ ફરીથી નવા નામે મોકલવાનું શરૂ કરી શકાય.

જો આ બાબતની જાણકારી ન મળે તો અવસાન પામેલ સભ્યને જયોતિપુંજ મોકલવાનું બંધ કરવામાં આવશે. આશા છે સભ્યના કુટુંબીજનો આ બાબતમાં ઘટતું કરી નવા સભ્યપદ દ્વારા જ્યોતિપુંજ મેળવતા રહેશે અને આ યથાયોગ્ય વ્યસ્થાની સામે નારાજગી વ્યક્ત નહીં કરે.

**– તંત્રી નિખિલ પરીખ – મંત્રી મંજુલ ધારીઆ**

## જ્યોતિપુંજમાં મેટર આપવા બાબત અગત્યની જાહેરાત

- દરેક સંસ્થાઓને વિનંતી કે તેમનાં સંસ્થા સમાચાર સુવાચ્ય અક્ષરોમાં, તેમની સંસ્થાના લેટરહેડ ઉપર અથવા રબર સ્ટેમ્પ સાથે સંબંધિત અધિકારીનાં નામ અને સહી સાથે મોકલાવવાં.
- કોઈપણ વ્યક્તિએ કે સંસ્થાએ, તંત્રી કે બા.ન.સંઘનાં મંત્રીની જાણબહાર, મેટર સીધી પ્રેસ પર મોકલવી નહીં.
- વ્યક્તિગત લેખો, કવિતાઓ કે અન્ય સામગ્રી તેમજ પ્રકિર્ણ વિભાગની માહિતી ફુલસ્કેપ અથવા નોટબુકનાં સરખાં કાગળ પર સુવાચ્ય અક્ષરોમાં લખી મોકલવી. ચબરખી કે ચીઠ્ઠી પર મોકલેલ માહિતી અથવા ઝેરોક્ષ કોપીની નોંધ લેવાશે નહીં.
- જ્યોતિપુંજ આપનું પોતાનું પ્રકાશન છે, તેનાં વ્યવસ્થાપનમાં આપનો સહકાર અનિવાર્ય છે.

**– મંત્રી મંજુલ ધારીયા**
**– તંત્રી નિખીલ પરીખ**

## મૃત્યુ નોંધ

| | ઉમંર |
|---|---|
| કમળાબેન રમણલાલ ધારીઆ (દાઉદિયા) | ૯૬ |
| ગં.સ્વ. કલાબેન કાન્તીલાલ મોદી (પેપરવાળા) | ૯૦ |
| શશીવદન મધુસુદન ત્રિવેદી | ૭૪ |
| જેઠાલાલ છોટાલાલ દોશી | ૮૮ |
| કિરીટકુમાર ચીમનલાલ ધારીઆ | ૬૫ |
| સુધાબેન બીપીન મોદી | ૫૩ |
| ધનુબેન કાંતીલાલ મોદી | ૮૪ |

પ્રભુ તેમના આત્માને ચિરઃશાંતિ અર્પે

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો – ૧૯૧૯**

### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

# શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા(ધરીવાળા)



## કોમ્પ્યુટર શિક્ષણ યોજના



જત જણાવવાનું કે સંસ્થાએ M/s. Raj Software Technology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1) Office Automation (O.A.) | **૨ મહીના** | 1250.00 | + | Tax | = | 1379.00 |
| 2) Tally 9 | **૨ મહીના** | 2000.00 | + | Tax | = | 2206.00 |
| 3) Web Page Designing | **૩ મહીના** | 4500.00 | + | Tax | = | 4954.00 |
| 4) Desk-Top Publishing | **૩ મહીના** | 2500.00 | + | Tax | = | 2758.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતાપૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦% ફી ચેક થી પાછી આપવામાં આવશે.

Address of Training Centre

Raj Software Technology (India) Ltd.

| | | |
|---|---|---|
| (1) Marine Lines | (2) Grant Road | (3) Andheri (W) |
| (4) Vile Parle (E) | (5) Jogeshwari (W) | (6) Malad (E) |
| (7) Malad (W) | (8) Kandivali (W) | (9) Borivali (W) |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી :** Tel : 2206 0294 / 2203 8077 / 98212 34306

Nikoshi Trading Co., 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathak Wadi, Lohar Chawl, Mumbai - 2

*સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી - મંત્રી : મંજુલ શૈલેષ ધારીઆ*